Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| ૧ નવીનવર્ષ શિણગાર (કાવ્ય) ... | ૧ |
| ૨ નવું વર્ષ ... | ૨ |
| ૩ કલ્યાણકતપ ... | ૬ |
| ૪ શ્રી તાલધ્વજ તીર્થનું વૃત્તાંત ... | ૧૨–૫૦ |
| ૫ શ્રી જ્ઞાનસાર સૂત્ર સ્પષ્ટીકરણ | ૧૬,૩૪,૬૭,૧૩૧,૧૬૫,૧૯૪,૨૨૬,૨૫૮,૩૧૨,૩૨૨ |
| ૬ શ્રી હીરપ્રશ્નમાંથી કેટલાએક પ્રશ્નોત્તર ... | ૨૪–૪૫–૨૦૭–૨૮૫–૩૩૬ ૩૫૭ |
| ૭ જૈનબંધુઓને અગત્યની સૂચના ( પુષ્પના હાર કેવા ચડાવવા ? ) | ૨૯ |
| ૮ વર્તમાન સમાચાર ( અંતરીક્ષમાં થયેલ તકરાર ) ... | ૩૧ |
| ૯ મુનિરાજ શ્રી કાંતિવિજયજીનો સ્વર્ગવાસ... ... | ૩૨ |
| ૧૦ જગતની અસ્થિરતા વિષે ( કાવ્ય ) ... | ૩૩ |
| ૧૧ હિતોપદેશ ... | ૪૦–૯૩–૨૧૬ |
| ૧૨ પોતાની ઓળખાણ ( બે મિત્રનો સંવાદ ) ... | ૫૧ |
| ૧૩ વણોદ દરબારે ભરેલું અનુકરણીય પગલું. ... | ૫૮ |
| ૧૪ સાધર્મી વાત્સલ્ય ... | ૫૯ |
| ૧૫ ભાવનગરમાં મહોત્સવ ... | ૬૪ |
| ૧૬ સાતમી જૈનકોન્ફરન્સનો રીપોર્ટ. ... | ૬૫–૯૪–૯૯ |
| ૧૭ શ્રીપાળ રાજાના રાસ ઉપરથી નીકળતો સાર ... | ૭૫–૨૯૧–૩૪૨ |
| ૧૮ ધર્મકર્મમાં દંભનો ત્યાગ કરવા વિષે... ... | ૮૪ |
| ૧૯ ગ્રંથાવલોકન ( જૈન ગ્રંથાવળી ) ... | ૯૦ |
| ૨૦ ખેદકારક મૃત્યુ ( ઝવેરી ચંદુલાલ છોટાલાલ–મંગળદાસ દોલતરામ ) | ૯૮ |
| ૨૧ ચોથી જૈન મહિલા પરિષદનો રિપોર્ટ... ... | ૧૧૯ |
| ૨૨ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થ સંબંધી હકીકત (ગુનાવા)... ... | ૧૨૭ |
| ૨૩ શ્રી બાસીમમાં ચાલતા શ્વેતામ્બર દિગમ્બર વચ્ચેના કેસનું છેવટ. | અં. ૪ ટા. |
| ૨૪ શ્રી હરિભદ્રસૂરિ ચરિત્ર. ... | ૧૪૧–૧૯૨ |
| ૨૫ કોન્ફરન્સને લગતી કેટલીક અગત્યની બાબતો ... | ૧૫૬ |
| ૨૬ પ્રાર્થના–ક્ષમાપના ( કાવ્ય ) ... | ૧૬૩ |
| ૨૭ સામાન્યોપદેશ. ( કાવ્ય ) ... | ૧૬૪ |
| ૨૮ બ્રહ્મચર્યવ્રતની ભાવના. ... | ૧૬૯ |


For Private And Personal Use Only

વિષય. પૃષ્ઠ.

૨૯ જૈન કોલેજ અને બોર્ડીંગ. ... ... ... ... ... ... ... ... ... ૧૮૪
૩૦ સુકૃત ભંડાર. ... ... ... ... ... ... ... ... ... ... ... ૧૯૧
૩૧ શ્રી જૈનશિક્ષા પ્રચારક સમિતિના ત્રીજા વાર્ષિક રીપોર્ટની સમાલોચના ૧૯૨
૩૨ બાબુશ્રી ત્રિભુવનદાસ ભાણજીનું ખેદકારક મૃત્યુ... ... ... ... ... ૧૯૨
૩૨ ,, ,, પાછળ થયેલ શુભ નિમિત્ત વ્યય. ... ... ... ૨૨૩
૩૪ ઉપદેશપદ ( કાવ્ય ) ... ... ... ... ... ... ૧૯૩-૨૨૫
૩૫ ધાર્મિકશાળાઓમાં નૈતિક કેળવણીની આવશ્યકતા ... ... ... ... ૨૦૦
૩૬ જૈન શ્વેતામ્બર સંપ્રદાયના છપાયેલા અને છપાતા સંસ્કૃત
અને માગધી ગ્રંથોની ટુંક નોંધ ... ... ૨૧૩
૩૭ ટુંકાં ટુંકાં વાક્યો... ... ... ... ... ... ... ... ... ૨૨૪-૩૫૧
૩૮ એક અતિહાસિક પ્રશ્ન [ ઉપદેશમાળાના કર્તા ક્યારે થયા ? ]૨૩૫-૨૭૦-૨૯૮
૩૯ ઉજ્ઝિત કુમાર ... ... ... ... ... ... ... ... ... ... ૨૫૦
૪૦ ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ ... ... ... ... ... ... ... ૨૫૩
૪૧ દંભ ત્યાગ. [ કાવ્ય ] ... ... ... ... ... ... ... ... ૨૫૭
૪૨ એક પોપટની કથા ... ... ... ... ... ... ... ... ... ૨૮૨
૪૩ જગત્ અને હૃદય ( કાવ્ય ) ... ... ... ... ... ... ... ૨૮૯
૪૪ બે પ્રકારનાં આયુષ્ય ... ... ... ... ... ... ... ... ... ૩૦૪
૪૫ ઉપદેશમાળાના લેખમાં થયેલી ભૂલનો સુધારો ... ... ... ... ૩૨૦
૪૬ હિત શિખામણ ભાવના( કાવ્ય )... ... ... ... ... ... ... ૩૨૧
૪૭ માયા—દંભ ત્યાગ .... ... ... ... ... ... ... ... ૩૨૭-૩૬૮
૪૮ શાહ આણંદજી પુરૂષોત્તમનું પંચત્વ અને તન્નિમિત્ત વ્યય ... ... ૩૪૯
૪૯ જીવને ઉપદેશ( કાવ્ય ) ... ... ... ... ... ... ... ... ૩૫૩
૫૦ પ્રભુપૂજાના ભેદ તથા તેના અંગે અગત્યનો ઉપદેશ. ... ... ... ૩૫૫
૫૧ દુર્ધ્યાનનાં ૬૩ સ્થાનોનું સ્વરૂપ. ... ... ... ... ... ... ... ... ૩૬૨
૫૨ અધ્યાત્મ મહાત્મ્યાધિકાર અધ્યાત્મ સ્વરૂપાધિકાર દંભ ત્યાગાધિકાર... ૩૭૬
૫૩ પરમ સુખ પ્રાપ્તિરૂપ ચિત્તશુદ્ધિ ફલ અર્થ, સહિત ... ... ... ... ૩૮૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

भो भव्याः प्रविशतान्तरङ्गराज्ये प्रथममेव प्रष्टव्या गुरवः । सम्यगनुष्ठेयस्तदुपदेशः । विधेया हिताग्निनेवाग्नेस्तदुपचर्या । कर्त्तव्यं धर्मशास्त्रपारगमनं । विमर्शनीयस्तात्पर्येण तद्भावार्थः । जनयितव्यमनेन चेतसोऽवष्टम्भः । अनुशीलनीया धर्मशास्त्रे यथोक्ताः क्रियाः । पर्युपासनीयाः सन्तः । परिवर्जनीयाः सततमसन्तः । रक्षणीयाः स्वरूपोपमया सर्वजन्तवः । भाषितव्यं सत्यं सर्वभूतहितमपरुषमनतिकाङ्क्षं परीक्ष्य वचनं । न ग्राह्यमणीयोऽपि परधनमदत्तं । विधेयं सर्वासामस्मरणमसंकल्पनमप्रार्थनमनिरीक्षणमनभिभाषणं च स्त्रीणां । कर्तव्यो बहिरङ्गान्तरङ्गसङ्गत्यागः विधातव्योऽनवरतं पञ्चविधः स्वाध्यायः ।

उपमितिभवप्रपंच.

પુસ્તક ૨૫ મું. ચૈત્ર સં. ૧૯૬૫. શાકે. ૧૮૩૧. અંક ૧ લો.

નમસ્તત્ત્વાય.

## नवीन वर्ष उद्गार.

રાગ કાફી (હોરી)

સાંવરે મત ડારો પિચકારી—એ રાગ.

મહાશય પાઠકધારી, વિવેકે વાંચો વિચારી, વિચારીરે, મહાશય૦ એ ટેક.
'શ્રી જૈન ધર્મ પ્રકાશ' મારૂં, નામ છે મંગળકારી;
પરમ ધર્મના મર્મ હું દાખું, કર્મ પ્રપંચ વિસ્તારી,
પ્રકાશું માસિક દ્વારી. મહાશય૦ ૧
જીવાદિક નવ તત્ત્વ પ્રકાશું, નય નિક્ષેપા વિચારી;
ખટ દ્રવ્યાદિક સૂક્ષ્મ સ્વરૂપની, વાત વદું વિસ્તારી,
જિનાગમને અનુસારી. મહાશય૦ ૨
શ્રુત સાયરથી ઉદ્ધરી ચાને, રત્નત્રયી દઉં ભારી;
ભવિજન હૃદયકોષમાં સ્થાપે, જતન કરે નિશદાડી,
ખુવે રંક કાગ ઉડાડી. મહાશય૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિશ્ચય ને વ્યવહાર પ્રકાશું, સ્યાદ્વાદને સ્વીકારી;
ભ્રમતિમિર હરવા પ્રકટાવું, અનુભવ દીપક જારી,
'પ્રકાશક' સંજ્ઞા મારી. મહાશય૦ ૪
આપ્પા પુદ્ગળ ધર્મ પ્રકાશું, શમ દમભાવ વિચારી;
વ્યવહારિક નૈતિક શિખામણ, આને દઉં સુખકારી,
સ્વીકારે ભાવે નરનારી. મહાશય૦ ૫
અધ્યાતમ રસની રસકુંપી, શાંત સુધારસ કયારી;
જિનગુણ વીણાવાદ્ય વગાડું, લલિત વચન લલકારી,
અનુભવ જ્ઞાનની બારી. મહાશય૦ ૬
વર્ષ પચીશમું એહું મુજને, ભરયૌવન વય મારી;
બાળપણું ગયું બાળલીલામાં, પ્રૌઢ વિચાર વિચારી,
લખીશ હું લેખ ઉદારી. મહાશય૦ ૭
વાંચકવૃંદ વિષય મમ વાંચે, વિષય કષાય નિવારી;
રહેણી કહેણી સુધરે સારી, તો ઉતરે ભવપારી,
વરે શિવવધૂ લટકાળી. મહાશય૦ ૮
નવીન વર્ષની નવીન વધાઇ, લ્યો મહાશય નરનારી;
જય બોલો જિનરાજ પ્રભુની, વાંછિત ફળ લ્યો અપારી,
વિઘ્ન સાંકુળચંદ વારી. મહાશય૦ ૯

# नवुं वर्ष.

શ્રી પંચપરમેષ્ઠીને નમસ્કાર કરીને આજે હું પચ્ચીશમા વર્ષમાં પ્રવેશ કરૂં છું. વર્તમાન ચોવીશીના ચોવીશ તિર્થંકર મહારાજાની શીતળ છાયા નીચે મેં ચોવીશ વર્ષ નિર્વિઘ્ને પસાર કર્યા છે. મારા સંસ્થાપકોની પરમાત્મા પ્રત્યેની અપ્રતિમ ભક્તિ હોવાથી તેનું ફળ મારી વૃદ્ધિ પામતી સ્થિતિરૂપ એહું છે. વયની વૃદ્ધિ સાથે મારા શરીરના કદમાં પણ વૃદ્ધિ થઇ છે, તે વાચકવર્ગને સુવિદિત છે. જૈન સમુદાયમાં આટલી સ્થિતિએ પહોચેલ હું એકજ હોવાથી મારા મનમાં કાંઇક હર્ષની ઉર્મિ પણ આવે છે, પણ તેનો આધાર અર્થાત્ મારી જીંદગીનો આધાર મારા જીવનને પુષ્ટ કરનારા મારા લેખકોજ છે. શારીરિક કદમાં વધવા સાથે તંદુરસ્તીમાં જો વૃદ્ધિ ન થાય તો એકલું કદનું વધવું નકામું છે, પરંતુ મારી તો તંદુરસ્તીમાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃદ્ધિ થઇ છેઃ વાંચકો જોઇ શકે તેમ છે કે દિનપરદિન મારા અંગીભૂત લેખો વધારે વધારે ઉપયોગી, આધારભૂત અને ધાર્મિક શ્રદ્ધા વિગેરેને પુષ્ટ કરનારા આવે છે. આ લેખો તેજ મારૂં ખરૂં જીવન છે, તેના વડેજ હું વધારે ઉપયોગી અને આકર્ષક થઇ શકું તેમ છું એ વાત મારા ઉત્પાદકોના ખાસ ધ્યાનમાં છે.

ગત વર્ષમાં એકંદર નાનામોટા ૪૩ લેખો આપવામાં આવ્યા છે, અને પૃષ્ઠ એકંદર ૪૪૮ આપવામાં આવ્યાં છે. ૪૩ લેખો પૈકી ૧૦ લેખો પદ્યબંધ છે તે જુદા જુદા ચાર લેખકોના લખેલા છે. ગદ્યલેખો ૩૩ પૈકી ૮ વર્તમાન ચર્ચાને લગતા છે, ૩ કોન્ફરન્સ વિગેરેના રીપોર્ટ સંબંધી છે, ૧ જૈન સાહિત્યના લીસ્ટ સંબંધી છે, ૨ સ્ત્રીઉપયોગી લેખો છે. ૧ લેખ હેમચંદ્રાચાર્ય ને યોગશાસ્ત્ર સંબંધી ડો. પીટર્સનના ભાષણનો છે, ૧ લેખ ગ્રંથાવલોકનનો છે અને ૧૭ લેખો જુદા જુદા લેખકોના લખેલા જુદા જુદા વિષયને લગતા છે.

વર્તમાન ચર્ચાને લગતા ૮ લેખોમાં ૧ સમેતશિખરજી સંબંધી લેખ મૌક્તિકનો લખેલો છે, ૧ આચાર્યપદવીના મહોત્સવને લગતો છે, ૧ શેઠ વીરચંદભાઇ દીપચંદના ખેદકારક મૃત્યુ સંબંધી છે, અને બાકીના ૫ જુદા જુદા વર્તમાન પ્રસંગને લગતા છે. કોન્ફરન્સનો, જૈન મહિલાપરિષદનો અને પ્રદર્શનનો રીપોર્ટ પહેલા અંકમાં જુદા જુદા ત્રણ મથાળા નીચે ૯૬ પૃષ્ઠમાં આપવામાં આવેલ છે. તે લેખ લખવામાં અને તૈયાર કરવામાં મોટો ભાગ મૌક્તિકેજ લીધેલો છે. જૈન સાહિત્યનો લેખ તૈયાર કરવાનો પ્રયાસ વકીલ કેશવલાલ પ્રેમચંદ અમદાવાદનિવાસીનો છે. સ્ત્રીઉપયોગી બે લેખો તેમજ મહિલાપરિષદના રીપોર્ટમાં આવેલાં ભાષણો જુદી જુદી બ્હેનોનાં લખેલાં છે. હેમચંદ્રાચાર્ય ને યોગશાસ્ત્ર સંબંધી લેખ મૌક્તિકે મોકલાવેલો છે. તેનો લેખક અન્ય છે. ગ્રંથાવલોકનમાં શ્રી ઋષિમંડળ પૂર્વાર્ધના ભાષાંતરમાંથી થોડા ભાગની તપાસ લેવામાં આવી છે, તે લેખ તંત્રીનોજ છે. પૃથક્ પૃથક્ લેખકોના લખેલા ૧૭ લેખોમાં મોટો ભાગ મુનિ મહારાજ શ્રી કર્પૂરવિજયજીનો છે. તેઓ સાહેબે નિરંતર મારા પર કૃપાદૃષ્ટિ રાખ્યા કરી છે; તેમના લખેલા મોટા પ્રમાણવાળા ૫ લેખો આવેલા છે. એક લેખ મી. લાલનનો છે, એક લેખ જીવરાજ ઓધવજી દોશીનો ચાલુ હતો તેજ છે, એક લેખ મી. સુરચંદભાઇ પુરૂષોત્તમદાસનો લખેલો છે. અને બાકી ત્રણ લેખો મૌક્તિકના અને છ લેખો તંત્રીના લખેલા છે. આ સર્વ લેખો તેમજ વર્તમાનચર્ચા સંબંધી લેખો પૈકી ૪–૫ લેખો શિવાય બાકીના બધા લેખો ઘણા લંબાણ હોવાથી વાંચકવર્ગની વાંચવાની અભિલાષા પૂર્ણ થઇ શકે તેમ છે, અતૃપ્તિ રહે તેવું નથી.

મને જન્મ આપનાર સભાના મંત્રીની તરફથી લખાતા બે લેખો જે હજુ અપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તે આ વર્ષમાં બીલકુલ આવ્યાજ નથી. જૈનલૉવાળો લેખ હજુ આગળ ચાલવાનો છે. મોહ શું સમજાવે છે અને વિવેક શું ફેરવાવે છે એ લેખ ગયા વર્ષમાં શરૂ કરેલો આ વર્ષમાં પૂર્ણ કરવામાં આવ્યો છે, અને શ્રીપાળ રાજાના રાસ ઉપરથી નીકળતા સારવાળો લેખ ગતવર્ષમાં પાંચ વખત આપવામાં આવ્યા છતાં પૂર્ણ થયો નથી, તે પ્રસ્તુત વર્ષમાં પૂર્ણ થવા સંભવ છે. હીરપ્રશ્નવાળો લેખ તંત્રી તરફથીજ શરૂ કરવામાં આવ્યોછે. તે આ વર્ષમાં પૂર્ણ થવાનો છે. પરંતુ એવા પ્રશ્નોત્તરોના બીજા ગ્રંથોમાંથી ઉપયોગી પ્રશ્નોત્તરો આપવાનું શરૂ રાખવાની ઇચ્છા વર્તે છે. વર્ષ આખર લેખો અપૂર્ણ રાખવાની રૂઢી બહુધા બંધજ કરવામાં આવી છે, તે ઉપરની તમામ હકીકતથી રોશન થઇ શકે તેમ છે. પદ્યના લેખો પણ લક્ષ દઇને, અર્થ વિચારીને, રાગ બેસાડીને વાંચનારને માટે ખાસ અસરકારકજ દાખલ કરવામાં આવ્યા છે.

ઉપર પ્રમાણે મારી ગતવર્ષની સ્થિતિનું ટુંક વૃત્તાંત છે. હવે નવા શરૂ થતા વર્ષમાં મારા ઉત્સાહકોની અભિલાષા કેવી વર્તે છે તે ટુંકામાં રોશન કરૂં છું. ગતવર્ષમાં જે જે લેખકોએ લેખ મોકલવાની કૃપા કરી છે તેઓ, તેમજ ગતવર્ષમાં જે ઓએ દેખાવ આપ્યો નથી એવા અમારા મંત્રી, શ્રીયુત્ મનઃસુખ કીરત્‌ચંદ અને કુલભદાસ કાલીદાસ વગેરે લેખકો મારા તરફ સુદ્રષ્ટિ રાખશે અને સારા લેખો મોકલશી મને શોભા આપશે તો હું ગત વર્ષ કરતાં પણ વધારે સારા દેખાવમાં આ વર્ષે તમારી પાસે રજુ થઇ તમારા ચિત્તને પ્રસન્ન કરીશ.

પ્રસ્તુત વર્ષમાં વાંચકવર્ગના હૃદયનું આકર્ષણ કરનારા અમારા મંત્રીના લેખો ચાલુ રહેશે, શ્રીપાળરાજાના રાસમાંથી નીકળતા સારમાં પણ હવે અત્યંત સારભૂત હકીકત ( મુનિરાજની દેશના તથા નવપદનું સ્વરૂપ અને તેની ભક્તિ વિગેરે) આવશે, પ્રશ્નોત્તર વિષયથી ઘણી શંકિત હકીકતોના ખુલાસા થઇ જશે, જૈન લૉવાળો વિષય પૂર્ણ કરવામાં આવશે, લોકપ્રકાશાદિ ગ્રંથોમાંથી દ્રવ્યાનુયોગને લગતા લેખો દાખલ કરવામાં આવશે, મુનિરાજશ્રી કર્પૂરવિજયજી તરફથી જ્ઞાનસાર સૂત્ર સ્પષ્ટીકરણ વિગેરે વિષયોથી અધ્યાત્મ રસની અપૂર્વ પ્રસાદી વાચકોને મળ્યા કરશે, મૌક્તિકના લેખોમાં પણ નવો રંગ સ્ફુરણાયમાન થશે અને બીજા બે ત્રણ નવા જૈનસાક્ષરોના લેખો પણ મારા અંગીભૂતપણે દેખાવ આપશે. આ પ્રમાણેના વિવિધ લેખોથી આળેખાયલું-ચિત્રાયલું મારૂં ચિત્ર-મારૂં શરીર નવર્ષમાં દર્શનીય થઇ રહેશે.

ઉપર જણાવેલી હકીકત આત્મપ્રશંસા તરીકે લખવામાં આવી નથી; પરંતુ પ્રત્યેક વ્યક્તિએ અભિલાષા તો ઉચ્ચજ રાખવી યોગ્ય છે, જેથી ક્રમે ક્રમે પણ ઉચ્ચ સ્થિતિએ પહોંચી શકાય છે. એવા નિયમને અનુસરીને રોશન કરવામાં આવી છે અને પરમાત્માની કૃપાથી એ અભિલાષા બહુધા પૂર્ણ થવાનો મને સંભવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગતવર્ષ અનેક પ્રકારે આનંદકારી નીવડયું છે. ગતવર્ષનો પ્રારંભજ ગને જન્મ આપનાર સભાની જ્યુબીલીના મહાન્ ઉત્સવમાં વ્યતીત થયેલ હોવાથી આખું વર્ષ અનેક પ્રકારના નવા નવા ઉત્સવોમાં વ્યતીત થયું છે. બહુ વર્ષે આચાર્યપદવી આપવાનો લાભ ભાવનગરના શ્રી સંઘે મેળવેલ હોવાથી તે સંબંધી ઉત્સવ પણ ગયા જેઠ માસમાં પ્રવર્ત્યો છે, સભા તરફથી વ્યતીત વર્ષમાં ચાર માનપત્રો જુદા જુદા પ્રસંગોને અનુસરીને આપવામાં આવ્યાં છે. પ્રથમ કોન્ફરન્સના માનવંતા પ્રમુખ સાહેબ શેઠ મનસુખભાઇને, બીજું એલ. એલ. બી. ની પરીક્ષા પાસ કરનાર સભાસદ મી. લલુભાઇ મોતીચંદ મહેતાને, ત્રીજું અજિમગંજનિવાસી બાબુસાહેબ રાજા વિજયસિંહજી બહાદુરને અને ચોથું સોલીસીટરની પરીક્ષામાં ફતેહ મેળવનાર કડીબાવાડના પ્રથમ સોલીસીટર મી. મોતીચંદ ગીરધર કાપડીઆને આપવામાં આવ્યું છે. આ દરેક વખતે સારા મેળાવડાઓ કરવામાં આવ્યા છે; જેનું વર્ણન ગતવર્ષમાં મારી દ્વારાજ પ્રગટ કરવામાં આવેલ છે. ગત વર્ષમાં જેમ મારી માતાની જ્યુબીલી (આનંદોત્સવ) ઉજવવામાં આવેલ છે તેમ આ વર્ષ મારી પણ પા સદી (૨૫ વર્ષ) પૂરતી વય થયેલી હોવાથી મારી જ્યુબીલીનુંજ છે એટલે મારા ગ્રાહકોને તેમજ મને વિશેષ આનંદ થાય એ સ્વાભાવિક છે. એ આનંદનું વિશેષ પ્રકટીકરણ કેમ કરવું તે મારા ઉત્પાદકોની મરજી ઉપર છે. માત્ર શાંતવૃત્તિએ બીજી કોઇપણ ઉંચી નીચી બાબતમાં પ્રવેશ કર્યા શિવાય લાભકારી વિષયો લખવા તરફજ પ્રવૃત્તિ કરવી એવો વિચાર મારા ઉત્પાદકોની માફક સર્વે જૈન માસિકના અધિપતિઓ રાખે તો તેથી જૈનબંધુઓને વિશેષ લાભ થાય એ સ્વાભાવિકજ છે. ઉત્તમ હેતુ ઉત્તમ પરિણામ લાવે તેમાં કાંઇ આશ્ચર્ય નથી.

પ્રારંભમાં નવીન લેખ વાંચવાના ઉત્સાહી ગ્રાહકવર્ગને વધારે રોકી ન રાખતાં આ વૃત્તાંતને સમાપ્ત કરવામાં આવે છે. આ વર્ષના પ્રારંભમાં માંગળિક વૃદ્ધિ નિમિત્તે પરમાત્માના કલ્યાણકો સંબંધી લેખ લખવામાં આવેલો છે તેમજ ત્યારપછી તીર્થભક્તિ બતાવવા માટે તારંગાજી તીર્થનું વૃત્તાંત લખવામાં આવ્યું છે. અને પછી બીજા ઉપયોગી વિષયવડે મારા દેહની પૂર્ત્તિ કરવામાં આવી છે.

પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે મારી શુદ્ધ અંતઃકરણની પ્રાર્થના છે કે મને પોષણ આપનાર લેખકોની બુદ્ધિ નિર્મળ થાઓ, ઉત્તમ લેખ લખવાની પ્રતિભા પ્રકાશિત થાઓ, મારી ઉત્પાદક સભાને નિર્વિઘ્નપણું પ્રાપ્ત થાઓ, ગ્રાહકોની વૃત્તિ સ્થિર થાઓ, તેની સંખ્યામાં વૃદ્ધિ થાઓ, મારૂં શરીર વિશેષ પુષ્ટ થાઓ અને મારી ગતિ અસ્ખલિત થાઓ. આટલી પ્રાર્થના કરીને બીજાની સહાય વડે ચાલવાને ગતિમાન જે હું તે તેમના કરાલંબનને મેળવીને આગળ ગતિ કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારી નિર્મળ વૃત્તિ મારી તમામ પ્રકારની પ્રાર્થના ફળીભૂત થવાની સાક્ષી આપે છે, તેથી આશા રાખું છું કે તે સઘળી પ્રાર્થનાઓ પૂર્ણ થશે અને ચતુર્વિધ સંઘમાં પણ નિર્વિઘ્નતા સ્થિતિ કરશે તેમજ જૈન શાસનની ઉન્નતિમાં વૃદ્ધિ થશે. શ્રી સિદ્ધચક્ર મહારાજા સર્વના મનોવાંછિત પૂર્ણ કરો. तथास्तु.

# कल्याणक तप.

ચોવીશ તીર્થંકરના કલ્યાણકોની તિથિનું આરાધન કરવા માટે પ્રાયે ઘણી શ્રાવિકાઓ આ તપ કરે છે. બહોળે ભાગે તો ઉપવાસવડેજ તે તે તિથિનું આરાધન કરે છે. તેમાં જે તિથિએ એકથી વધારે કલ્યાણક હોય તેનું આરાધન ક્રમસર બીજે, ત્રીજે કે ચોથે વર્ષે જ્યારે એ તિથિ આવે ત્યારે કરે છે. વધારેમાં વધારે એક તિથિએ (માગશર શુદિ ૧૧ના રોજ) પાંચ કલ્યાણક હોવાથી એ તપ પાંચ વર્ષે સંપૂર્ણ થાય છે. એક વર્ષે આરાધન કરેલ કલ્યાણકનું બીજે વર્ષે આરાધન કરવું પડતું નથી.

આરાધન કરવાને દિવસે તપ કરવા ઉપરાંત બે કાળ પ્રતિક્રમણ, ત્રણ વખત દેવવંદન, જિનપૂજા તથા તે કલ્યાણકનું ૨૦૦૦ પ્રમાણ ગુણણું ગણવું પડે છે, અને ચોવીશ ખમાસમણ તથા ૨૪ લોગસ્સનો કાઉસગ્ગ કરવો પડે છે. આ શિવાય બીજી કાંઈ વિધિ કરવાની હોય તો તે પરંપરાથી થતી હોય તેમ કરવા યોગ્ય છે.

આ કલ્યાણકની તિથિઓ શાશ્વતી છે. શાશ્વતી એટલે અતીત, અનાગત ને વર્તમાન ત્રણે કાળના તીર્થંકરોની પાંચે કલ્યાણકની તિથિઓ બદલાતીજ નથી. જ્ઞાની મહારાજે કાળ ક્રમ એવોજ દીઠો છે. તે પણ એકલા આ ભરતક્ષેત્ર આશ્રી નહીં પણ પાંચે ભરત અને પાંચે એરવત કે જે જંબૂદ્વીપ, ધાતકી ખંડ અને પુષ્કરાર્ધ દ્વીપમાં આવેલા છે તે દશે ક્ષેત્રોમાં ચોવીશે તીર્થંકરોના કલ્યાણકની તિથિ એકજ હોય છે. ફકત તેમાં અવસર્પિણી ને ઉત્સર્પિણી કાળમાં ઉલટપાલટ થાય છે. એટલે હમણા દશે ક્ષેત્રમાં અવસર્પિણી કાળ વર્તે છે, એમાં પહેલા તીર્થંકરની જે જે કલ્યાણકની તિથિઓ છે તે ઉત્સર્પિણી કાળમાં છેલા તીર્થંકરની સમજવી, બીજા તીર્થંકરની તે ત્રેવીશમાની અને ત્રીજા તીર્થંકરની તે બાવીશમાની સમજવી. એમ આ ચોવીશીના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીની કલ્યાણક તિથિઓ તે ઉત્સર્પિણીના પહેલા તીર્થંકર શ્રી પદ્મનાભ સ્વામીની સમજવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્યાણકના આરાધન માટે ગુણણું ગણવામાં પ્રભુના નામની સાથે કલ્યાકનેણુ માટે નીચે પ્રમાણેના શબ્દો જોડવા—

૧ ચ્યવન કલ્યાણક હોય તો **परमेष्ठी नमः** કહેવું.
૨ જન્મ કલ્યાણક હોય તો **अर्हते नमः** કહેવું.
૩ દીક્ષા કલ્યાણક હોય તો **नाथाय नमः** કહેવું.
૪ કેવળ કલ્યાણક હોય તો **सर्वज्ञाय नमः** કહેવું.
૫ મોક્ષ કલ્યાણક હોય તો **पारंगताय नमः** કહેવું.

દૃષ્ટાંત–કાર્તિક શુદિ ૩ જે સુવિધિનાથનું કેવળ કલ્યાણક છે તો **श्री सुविधिनाथ सर्वज्ञाय नमः** એમ ગુણણું ગણવું. માગશર શુદ ૧૦ મે અરનાથનું જન્મ કલ્યાણક છે તે દિવસે **श्री अरनाथ अर्हते नमः** એમ ગુણણું ગણવું. વીશ નવકારવાળી એ પ્રમાણે ગણવાથી પૂરૂં ગુણણું ગણ્યું કહેવાય છે.

આ નીચે વર્તમાન ચોવીશીના ચોવીશે તીર્થંકરોના કલ્યાણકો તિથિ સહિત લખ્યા છે. તેમાં આધુનિક પ્રવૃત્તિ અનુસાર મહિનાનો ફેરફાર કર્યો છે કે જેથી સમજવામાં અગવડ ન પડે. પ્રથમ દરેક મહિનામાં વદિ પહેલી અને શુદિ પછી કહેવાતી હતી તે અનુસાર હાલ આપણે જેને આસોવદિ કહીએ છીએ તેને કાર્તિકવદિ કહેવામાં આવતી હતી. શુદિમાં તો કાંઈ તફાવત નહોતો. આ લેખની અંદર આપણે જે પ્રમાણે કહીએ છીએ તે પ્રમાણેજ મહિનાઓ લખીને કલ્યાણકતિથિઓ લખી છે, તેથી આરાધન કરનારને પુછવું પડે તેમ નથી.

### કાર્તિક. કલ્યાણક ૬. દિન ૬.

| | |
|---|---|
| શુદિ ૩ સુવિધિનાથ કેવળજ્ઞાન. | શુદિ ૧૨ અરનાથ કેવળજ્ઞાન. |
| વદિ ૫ સુવિધિનાથ જન્મ. | વદિ ૬ સુવિધિનાથ દીક્ષા. |
| વદિ ૧૦ મહાવીરસ્વામી દીક્ષા. | વદિ ૧૧ પદ્મપ્રભુ મોક્ષ. |

### માગશર. કલ્યાણક ૧૪. દિન ૯.

| | |
|---|---|
| શુદિ ૧૦ અરનાથ જન્મ. | શુદિ ૧૦ અરનાથ મોક્ષ. |
| શુદિ ૧૧ અરનાથ દીક્ષા. | શુદિ ૧૧ મલ્લિનાથ જન્મ. |
| શુદિ ૧૧ મલ્લિનાથ દીક્ષા. | શુદિ ૧૧ મલ્લિનાથ કેવળજ્ઞાન. |
| શુદિ ૧૧ નમિનાથ કેવળજ્ઞાન. | શુદિ ૧૪ સંભવનાથ જન્મ. |
| શુદિ ૧૫ સંભવનાથ દીક્ષા. | વદિ ૧૦ પાર્શ્વનાથ જન્મ. |
| વદિ ૧૧ પાર્શ્વનાથ દીક્ષા. | વદિ ૧૨ ચંદ્રપ્રભુ જન્મ. |
| વદિ ૧૩ ચંદ્રપ્રભુ દીક્ષા. | વદિ ૧૪ શીતળનાથ કેવળજ્ઞાન. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પોસ. કલ્યાણક ૧૦. દિન ૯.

શુદિ ૬ વિમળનાથ કેવળજ્ઞાન.
શુદિ ૯ શાંતિનાથ કેવળજ્ઞાન.
શુદિ ૧૧ અજિતનાથ કેવળજ્ઞાન.
શુદિ ૧૪ અભિનંદન કેવળજ્ઞાન.
શુદિ ૧૫ ધર્મનાથ કેવળજ્ઞાન.
વદિ ૬ પદ્મપ્રભુ ચ્યવન.
વદિ ૧૨ શીતળનાથ જન્મ.
વદિ ૧૨ શીતળનાથ દીક્ષા.
વદિ ૧૩ ઋષભદેવ નિર્વાણ (મોક્ષ).
વદિ ૦)) શ્રેયાંસનાથ કેવળજ્ઞાન.

## માહ. કલ્યાણક ૧૯. દિન ૧૫.

શુદિ ૨ અભિનંદનજન્મ.
શુદિ ૨ વાસુપૂજ્ય કેવળજ્ઞાન.
શુદિ ૩ વિમળનાથ જન્મ.
શુદિ ૩ ધર્મનાથ જન્મ.
શુદિ ૪ વિમળનાથ દીક્ષા.
શુદિ ૮ અજિતનાથ જન્મ.
શુદિ ૯ અજિતનાથ દીક્ષા.
શુદિ ૧૨ અભિનંદન દીક્ષા.
શુદિ ૧૩ ધર્મનાથ દીક્ષા.
વદિ ૬ સુપાર્શ્વનાથ કેવળજ્ઞાન.
વદિ ૭ સુપાર્શ્વનાથ મોક્ષ.
વદિ ૭ ચંદ્રપ્રભુ કેવળજ્ઞાન.
વદિ ૯ સુવિધિનાથ ચ્યવન.
વદિ ૧૧ ઋષભદેવ કેવળજ્ઞાન.
વદિ ૧૨ શ્રેયાંસનાથ જન્મ.
વદિ ૧૨ મુનિસુવ્રત કેવળજ્ઞાન.
વદિ ૧૩ શ્રેયાંસનાથ દીક્ષા.
વદિ ૧૪ વાસુપૂજ્ય જન્મ.
વદિ ૦)) વાસુપૂજ્ય દીક્ષા.

## ફાલ્ગુન. કલ્યાણક ૧૦. દિન ૭.

શુદિ ૨ અરનાથ ચ્યવન.
શુદિ ૪ મલ્લિનાથ ચ્યવન.
શુદિ ૮ સંભવનાથ ચ્યવન.
શુદિ ૧૨ મલ્લિનાથ મોક્ષ.
શુદિ ૧૨ મુનિસુવ્રત દીક્ષા.
વદિ ૪ પાર્શ્વનાથ ચ્યવન.
વદિ ૪ પાર્શ્વનાથ કેવળજ્ઞાન.
વદિ ૫ ચંદ્રપ્રભુ ચ્યવન.
વદિ ૮ ઋષભદેવ જન્મ.
વદિ ૮ ઋષભદેવ દીક્ષા.

## ચૈત્ર. કલ્યાણક ૧૭. દિન ૧૩.

શુદિ ૩ કુંથુનાથ કેવળજ્ઞાન.
શુદિ ૫ અજિતનાથ મોક્ષ.
શુદિ ૫ સંભવનાથ મોક્ષ.
શુદિ ૫ અનંતનાથ મોક્ષ.
શુદિ ૯ સુમતિનાથ મોક્ષ.
શુદિ ૧૧ સુમતિનાથ કેવળજ્ઞાન.
શુદિ ૧૩ મહાવીરસ્વામી જન્મ.
શુદિ ૧૫ પદ્મપ્રભુ કેવળજ્ઞાન.
વદિ ૧ કુંથુનાથ મોક્ષ.
વદિ ૨ શીતળનાથ મોક્ષ.
વદિ ૫ કુંથુનાથ દીક્ષા.
વદિ ૬ શીતળનાથ ચ્યવન.
વદિ ૧૦ નમિનાથ મોક્ષ.
વદિ ૧૩ અનંતનાથ જન્મ.

For Private And Personal Use Only

| | |
|---|---|
| વદિ ૧૪ અનંતનાથ દીક્ષા. | વદિ ૧૪ અનંતનાથ કેવળજ્ઞાન. |
| વદિ ૧૪ કુંથુનાથ જન્મ. | |

## વૈશાક. કલ્યાણક ૧૪. દન ૧૨.

| | |
|---|---|
| શુદિ ૪ અભિનંદન મોક્ષ. | શુદિ ૭ ધર્મનાથ ચ્યવન. |
| શુદિ ૮ અભિનંદન મોક્ષ. | શુદિ ૮ સુમતિનાથ જન્મ. |
| શુદિ ૯ સુમતિનાથ દીક્ષા. | શુદિ ૧૦ મહાવીરસ્વામી કેવળજ્ઞાન. |
| શુદિ ૧૨ વિમળનાથ ચ્યવન. | શુદિ ૧૩ અજિતનાથ ચ્યવન. |
| વદિ ૬ શ્રેયાંસનાથ ચ્યવન. | વદિ ૮ મુનિસુવ્રત જન્મ. |
| વદિ ૯ મુનિસુવ્રત મોક્ષ. | વદિ ૧૩ શાંતિનાથ જન્મ. |
| વદિ ૧૩ શાંતિનાથ મોક્ષ. | વદિ ૧૪ શાંતિનાથ દીક્ષા. |

## જેઠ. કલ્યાણક ૭. દિન ૭.

| | |
|---|---|
| શુદિ ૫ ધર્મનાથ મોક્ષ. | શુદિ ૯ વાસુપૂજ્ય ચ્યવન. |
| શુદિ ૧૨ સુપાર્શ્વનાથ જન્મ. | શુદિ ૧૩ સુપાર્શ્વનાથ દીક્ષા. |
| વદિ ૪ ઋષભદેવ ચ્યવન. | વદિ ૭ વિમળનાથ મોક્ષ. |
| વદિ ૯ નમિનાથ દીક્ષા. | |

## અશાડ. કલ્યાણક ૭. દિન ૭.

| | |
|---|---|
| શુદિ ૬ મહાવીરસ્વામી ચ્યવન. | શુદિ ૮ નેમિનાથ મોક્ષ. |
| શુદિ ૧૪ વાસુપૂજ્ય મોક્ષ. | વદિ ૩ શ્રેયાંસનાથ મોક્ષ. |
| વદિ ૭ અનંતનાથ ચ્યવન. | વદિ ૮ નમિનાથ જન્મ. |
| વદિ ૯ કુંથુનાથ ચ્યવન. | |

## શ્રાવણ. કલ્યાણક ૮. દિન ૭.

| | |
|---|---|
| શુદિ ૨ સુમતિનાથ ચ્યવન. | શુદિ ૫ નેમિનાથ જન્મ. |
| શુદિ ૬ નેમિનાથ દીક્ષા. | શુદિ ૮ પાર્શ્વનાથ મોક્ષ. |
| શુદિ ૧૫ મુનિસુવ્રત ચ્યવન. | વદિ ૭ ચંદ્રપ્રભુ મોક્ષ. |
| વદિ ૭ શાંતિનાથ ચ્યવન. | વદિ ૮ સુપાર્શ્વનાથ ચ્યવન. |

## ભાદ્રપદ. કલ્યાણક ૨. દિન ૨.

| | |
|---|---|
| શુદિ ૯ સુવિધિનાથ મોક્ષ. | વદિ ૦)) નેમિનાથ કેવળજ્ઞાન. |

## આસો. કલ્યાણક ૬. દિન ૫.

| | |
|---|---|
| શુદિ ૧૫ નમિનાથ ચ્યવન. | વદિ ૫ સંભવનાથ કેવળજ્ઞાન. |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| વદિ ૧૨ પદ્મપ્રભુ જન્મ. | વદિ ૧૨ નેમિનાથ ચ્યવન. |
| વદિ ૧૩ પદ્મપ્રભુ દીક્ષા. | વદિ ૦)) મહાવીરસ્વામી મોક્ષ. |

આ પ્રમાણેના ૧૨૦ કલ્યાણકો પૈકી શુદિ અથવા વદિની બીજે ( ૫ ), પાંચમે (૯), આઠમે ( ૧૧ ), અગ્યારશે ( ૧૦ ), ચૌદશે ( ૯ ), પુનમે ( ૫ ) અને અમાવાસ્યાએ ( ૪ ) છે.

૧૨૦ કલ્યાણકના દિવસો ૯૯ હોવાથી પહેલે વર્ષે ૯૯ કલ્યાણકનું આરાધન થઈ શકે તેમ છે, પરંતુ જો કોઇ તિથિનો ક્ષય હોય તો તેનું આરાધન બીજે વર્ષે કરવું પડે છે. બે ત્રણ ને પાંચ કલ્યાણક વાળા દિવસો ૧૬ છે, તેથી બીજે વર્ષે પહેલા વર્ષના બાકી રહેલા ઉપરાંત માત્ર ૧૬ દિવસ આરાધન કરવું પડે છે; પરંતુ તેમાં પણ કોઇ તિથિનો ક્ષય હોય તો આગળ લેવું પડે છે. ત્રીજે વર્ષે ત્રણ ને પાંચ કલ્યાણકવાળા માત્ર ૩ જ દિવસો હોવાથી ૩ દિવસ આરાધન કરવું પડે છે, અને ચોથે પાંચમે વર્ષે એક એક દિવસે (માગશર શુદિ ૧૧) જ આરાધન કરવું પડેછે.

વધારેમાં વધારે માગશર શુદી ૧૧ શે પાંચ કલ્યાણકો છે, ચૈત્ર શુદિ ૫ ને ચૈત્ર વદિ ૧૪શે ત્રણ ત્રણ કલ્યાણકો છે, તેર દિવસો બે બે કલ્યાણકવાળા છે અને ૮૩ દિવસો એકએક કલ્યાણકવાળા છે. કુલ ૯૯ દિવસો છે.

દશ ક્ષેત્રની અતીત અનાગત ને વર્ત્તમાન એમ ત્રણ ત્રણ ચોવીશી ગણતાં ત્રીશ ચોવીશીના મળીને માગસર શુદિ ૧૧શે દોઢસો કલ્યાણક થાય છે, અને ગમે તે માસની શુદિ ને વદિની એકાદશીએ કુલ દશ કલ્યાણક હોવાથી એકાદશી માત્રના ૩૦ ચોવીશીના મળીને ૩૦૦ કલ્યાણક થાય છે, પરંતુ એ પ્રમાણેનું મહત્વ ગણવામાં આવે તો ગમે તે માસની શુદિ અને વદિની અષ્ટમીએ કુલ ૧૧ કલ્યાણક છે, તેથી તે તિથિના ૩૩૦ કલ્યાણક થાય. પરંતુ એકજ તિથિ ગણતાં કોઇ તિથિએ ચાર કલ્યાણક તો છેજ નહીં અને પાંચ કલ્યાણક માત્ર માગસર શુદિ ૧૧શેજ છે તેથી તેની મહત્વતા સૌથી વિશેષ છે.

આ કલ્યાણક તપ પ્રાયે માગસર શુદિ ૧૦થી શરૂ કરવામાં આવે છે. ઉપવાસે આરાધન કરવા ઇચ્છનાર તે દિવસે ઉપવાસ કરે છે, અને એકાસણે આરાધના કરવા ઇચ્છનાર તે દિવસે બે કલ્યાણક હોવાથી આંબેલ અને શુદિ ૧૧શે પાંચ કલ્યાણક હોવાથી ઉપવાસ કરે છે. એકાસણાવાળા જેજે દિવસ બે કલ્યાણક હોય તે તે દિવસ આંબેલ કરીને આરાધન કરે છે. ત્રણ કલ્યાણકવાળા દિવસે ઉપવાસ કરે છે અને પાંચ કલ્યાણકવાળી માગસર શુદિ ૧૧શે પ્રથમ ઉપવાસ કરેલ હોવાથી બીજે વર્ષે ને તિથિ આવે ત્યારે એકાસણું કરે છે; જેથી પાંચે કલ્યાણકનું આરાધન થઈ જાય છે. કોઈક તપની પૂર્ણાહુતી જાણી તે દિવસે ઉપવાસ પણ કરે છે. આ પ્રમાણે એકાસણા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળાને આ તપ એક વર્ષ ને એક દિવસે પૂર્ણ થાય છે, અને ઉપવાસવાળાને ચાર વર્ષ ને એક દિવસે પૂર્ણ થાય છે.

જે દિવસ એકથી વધારે કલ્યાણકનું આરાધન કરવાનું હોય ત્યારે ઉપર જણાવ્યા પ્રમાણે તપ કરવા ઉપરાંત ગુણણું જેટલા કલ્યાણક આરાધવાના હોય તેટલા કલ્યાણકનું જુદું જુદું ગણવું પડે છે, અને ખમાસમણ ને કાઉસગ્ગ પણ જુદા જુદા કરવા પડે છે.

આ કલ્યાણક થાય છે ત્યારે સાતે નરક કે જ્યાં નિરંતર અંધકારજ રહે છે ત્યાં પણ વિજળીના ચમત્કારની જેમ પ્રકાશ થાય છે. તેમાં પહેલી નરકે સૂર્ય જેવો, બીજી નરકે ચંદ્ર જેવો, એમ ક્રમસર ઓછો ઓછો થતાં સાતમી નરકે ખદ્યોતના ચમકારા જેટલો પ્રકાશ થાય છે. તીર્થંકર ભગવંતના પુણ્યનો પ્રાગ્ભાર વૃદ્ધિ પામેલો હોવાથી નારકીના જીવોને તેમજ સ્થાવર જીવોને પણ તે વખત કિંચિત્ સુખનો અનુભવ થાય છે.

તીર્થંકર ભગવંતના જન્મ, દીક્ષા, કેવળ અને નિર્વાણ કલ્યાણકે ચોસઠે ઇંદ્રો તેમના કલ્યાણકને સ્થાનકે પરિવાર સહિત આવે છે, અને યથાયોગ્ય મહોત્સવ કરે છે. તેમજ ત્યાંથી નંદીશ્વર દ્વીપે જઇ જુદા જુદા નિયમિત સ્થાનકે અઠ્ઠાઇ મહોત્સવ કરી પછી પોતપોતાને સ્થાનકે જાય છે. ચ્યવનકલ્યાણક વખતે આવવાનો નિયમ નથી, તો પણ કોઈ કોઇ પ્રભુના ચ્યવન વખતે પણ આવ્યાનો અધિકાર વાંચવામાં આવ્યો છે.

આ કલ્યાણક તિથિઓનું આરાધન મહાફળદાયી છે. તેમાં દીક્ષાકલ્યાણકને દિવસે દાન આપવું, કેવળજ્ઞાન કલ્યાણકે જ્ઞાનની ભક્તિ સવિશેષપણે કરવી અને નિર્વાણકલ્યાણકે જિનાર્ચન કરવું તથા જિન મંદિરે દીપાવળી કરાવવીઃ આ પ્રમાણે શુદ્ધ મન વચન કાયાથી આરાધન કરનાર પ્રાણી યાવત્ તીર્થંકરપણાની ઋદ્ધિને પણ પામે છે. તેથી ઉત્તમ મનુષ્યોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એ પાંચે આચારની જેમાં વિશુદ્ધિ છે અને પાંચેનું જેમાં આરાધન છે તેમાં અવશ્ય યથાશક્તિ પ્રવૃત્તિ કરવી અને યથેષ્ટ ફળને પ્રાપ્ત કરવું. તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री तालध्वज तीर्थनुं वृत्तांत.

આ તીર્થ શ્રી શત્રુંજય મહાતીર્થની એક શાખા અથવા વિભાગજ છે. પરંતુ કાળક્રમે કરીને મધ્યની જમીન વધારે સપાટ થઈ જવાથી એ ટુંક જુદી પડી ગયેલી છે. એ મધ્યના વિભાગમાં **તાળધ્વજી** અને **શત્રુંજયી** નદી વહ્યા કરે છે. એ બે નદીઓ પૈકી તાળધ્વજી તો શત્રુંજયનીજ એક ટુંક તરીકે ગણાતા અને તેની બાર ગાઉની પ્રદક્ષિણાના રસ્તામાં આવતા કદંબગિરિમાંથીજ નીકળેલી છે અને શત્રુંજયી ગિરનાર પર્વતમાંથી નીકળેલી છે. એ બંને પવિત્ર નદીઓ તરીકે ગણાએલી છે. તે તળાજાથી થોડેજ દૂર એકઠી થઇને પછી સમુદ્રને જઇને મળે છે. એનો પ્રવાહ પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે. શત્રુંજયી શત્રુંજયને ફરસતી વહેતી હોવાથી એની પવિત્રતા કાયમને માટે જળવાઇ રહેલી છે.

**તળાજા** ભાવનગર સ્ટેટનો એક મહાલ છે. ત્યાંથી ત્રણ ગાઉ દૂર સમુદ્ર હોવાથી ત્યાં દરીઆઈ વ્યાપાર પણ સારો છે. બંદરનું નામ **સરતાનપર** છે. તળાજામાં વહીવટદાર, ન્યાયાધીશ વિગેરે અધિકારીઓ રહે છે. તળાજા ભાવનગરથી ૩૦ માઇલ દૂર થાય છે. ત્યાં જવામાટે પાકી સડક બાંધેલી છે. માર્ગમાં તણસા અને તાપસ બે ગામ દેરાસરવાળાં આવે છે. કેટલાક ભાગમાં સડક ભાંગી ગયેલી છે, પરંતુ ઘોડાગાડી ઠેઠસુધી જઈ શકે છે. પાલીતાણાથી તળાજા નવ ગાઉ દૂર થાય છે પણ તે રસ્તો સડક વિનાનો છે. તળાજાથી મહુવા ૧૨ ગાઉ થાય છે.

સિદ્ધાચળ ફરતી પંચતીર્થી તરીકે મહુવા, ડાઠા, તળાજા, તણસા ને વાળુકડ એ ગામો ગણાય છે. કોઈ તણસા વાળુકડને બદલે બીજાં ગામો પણ ગણે છે. ગોઘાની યાત્રા પણ એ પંચતીર્થીની યાત્રા કરવા નીકળનારને થઇ શકે છે. ત્યાં નવખંડા પાર્શ્વનાથજી બીરાજતા હોવાથી તે પણ યાત્રાસ્થળ છે. મહુવામાં મુળનાયકજી શ્રી મહાવીર સ્વામીનું ચૈત્ય છે. તે બિંબ બહુજ સુંદર છે અને તે જીવિતસ્વામી તરીકે પ્રસિદ્ધ છે. ભગવંતની હયાતીમાં જે બિંબ ભરાવેલા હોય તે જીવિતસ્વામી કહેવાય છે.

આ તાળધ્વજ તીર્થનું વૃત્તાંત લખવાનો ખાસ હેતુ એટલોજ છે કે તે તીર્થની યાત્રાનો લાભ બહુ થોડા જૈન બંધુઓ લે છે, પરંતુ એ તીર્થ ખાસ યાત્રા કરવા લાયક છે તે હવે પછી લખવામાં આવશે તે હકીકત વાંચવાથી ખાસ ધ્યાનમાં આવવા સંભવ છે. શત્રુંજય સુધી આવીને આ તીર્થની યાત્રાનો લાભ ન લેવો એ સહજમાં મળતો એક સારો લાભ ખોવા જેવું છે.

શ્રી **શત્રુંજયમહાત્મ્ય**માં એ તીર્થ સંબંધે કહેવામાં આવ્યું છે કે 'ભરત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચક્રી શત્રુંજય ગિરિની યાત્રા કરીને પછી ઇંદ્રની સાથે ફરતી જુદી જુદી ટુંકોની યાત્રા કરવા નીકળ્યા ત્યારે તાળધ્વજ ગિરિની ઉપર તેજ નામના દેવને અધિષ્ઠાયક તરીકે તેમણે સ્થાપન કર્યો.' આ હકીકત સદરહુ ગ્રંથના ભાષાંતરમાં પૃષ્ઠ ૨૦૦ ઉપર છે.

આ ટુંક તળાજા શહેરની તદન નજદીકમાંજ આવેલી છે. તેની ઉપરનો પણ પ્રારંભનો કેટલોક ભાગ લોકોના મકાનોથી રોકાયેલ જણાય છે. ઉપર ચડવાને માટે હાલમાં ગલીકુંચીમાં થઈને માર્ગ છે. અગાઉના વખતમાં તેમ રાખવાને કાંઇ કારણ હશે, પરંતુ હાલ તેવું કાંઇ કારણ ન હોવાથી મોટા રસ્તા પર થઈને ઉપર ચડાય તેવી ગોઠવણ ચાલે છે. ડુંગરનો ચડાવ બહુ ઓછો છે. ધીમે ધીમે ચડનાર પણ ૧૫ મીનીટે ચડી શકે છે. ઉપરનો ¾ ભાગ તો બહુ વર્ષોથી બાંધેલો છે. તેમાં ઘણા ભાગમાં પગથીઆં છે. હાલમાં થોડા વર્ષથી ત્યાર પછીનો ¼ જેટલો રસ્તો બહુ સારી રીતે બાંધવામાં આવ્યો છે. હવે ⅛ કરતાં પણ ઓછો રસ્તો બાંધવો બાકીમાં છે તે થોડા વખતમાં બંધાઇ જવા સંભવ છે. તે પુરો બંધાઈ રહ્યાથી ચડવાની સગવડતા તેમજ સુંદરતામાં ઘણી વૃદ્ધિ થાય તેમ છે. યાત્રાળુઓ પગરખાં પહેરીને ઉપર ચડતા નથી તેમજ શત્રુંજય પ્રમાણે બીજી આશાતના પણ વર્જે છે. ઉપર ચડવાના રસ્તામાં આવેલાં મકાનો પૈકી અનુકૂળ પડે ત્યાં પાદરક્ષક મુકી દેવામાં આવે છે.

આ નાના પણ રમણિકતાવાળા પર્વતપર ચડતાં બહુજ આનંદ થાય છે. આજુ બાજુ પુષ્પવાળાં વૃક્ષો અલ્પ છતાં પણ સુગંધી અને મંદમંદ પવન આવે છે. રસ્તો સરલ હોવાથી ધર્મચર્ચા કરતાં કરતાં ચડવામાં અડચણ આવતી નથી. માર્ગમાં કેટલીક ગુફાઓ કે જે કુદરતની અપૂર્વ કારિગરી બતાવે છે તે ખાસ જોવા લાયક છે. તેવી ગુફાઓમાં કુદરતી રીતે બનેલા અંદર અંદર તેમજ નીચે ઉપર જુદા જુદા ખંડો છે. ધ્યાન કરવાને માટે ખાસ ઉપયોગી સ્થાન છે. દરેક ગુફા વિગેરેને જુદાં જુદાં નામો આપવામાં આવેલ છે. પાણીનાં ટાંકાં પણ સંખ્યાબંધ છે; તેમાં કેટલાંક ખાલી છે ને કેટલાંક પાણીથી ભરેલાં છે, ટુંકામાં પશ્ચિમ તરફનો બહોળો ભાગ તો પોલાણવાળોજ જણાય છે. અગાઉના વખતમાં હાથીને ઉપર ચડાવવામાં આવતા હતા તે વખતની હાથીને બાંધવા લાયક પણ એક ગુફા છે. રાજકચેરી ભરવા લાયક એક મોટી ગુફા છે, જેની ભીંતો ચણીને પ્લાસ્ટર કરેલી ભીંતો જેવીજ પ્લેન ( સાફ ) નજરે પડે છે. તેમાં આગળના ભાગમાં કોત્રી કાઢેલા અથવા કુદરતી રીતે બનેલા કુંભી અને શરાભરણાવાળા થાંભલાઓ દેખાય છે. જેમાંથી કેટલાક થાંભલાઓ અને કેટલાક થાંભલાનો અમુક ભાગ ત્રુટી ગયેલો છે. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂચવે છે કે કાળે કરીને વસ્તુમાત્ર વિનાશ પામવાના ધર્મવાળીજ છે, તેથી પુદ્ગળિક વસ્તુ પર વિશેષ મોહ કરવો ઘટિત નથી.

આગળ ચાલતાં બે દરવાજા આવે છે તેની અંદર જતાં પારેવાને જાર નાંખવા માટે બાંધેલું સ્થળ તથા ફુલવાડી આવે છે અને ત્યાંથી આગળ ચાલતાં મુખ્ય દેરાસરનો ગઢ આવે છે. તેની બહાર ચોકી માટેની છાપરી છે.

ગઢની અંદર પ્રવેશ કરતાં સન્મુખ મુખ્ય મંદિર આવે છે. આ ભાગમાં એક ✓ દેરાસર છે. તેની અંદર **શ્રીસુમતિનાથજી** મહારાજ મૂળનાયકજી તરીકે બીરાજે છે. મૂર્તિ શ્યામવર્ણી છે. સંપ્રતિ રાજાની ભરાવેલી છે. અત્યંત સુંદર તેમજ દેદીપ્યમાન છે. તે મૂર્ત્તિ તળાજા ગામમાંથી એક બ્રાહ્મણના ઘરનો પાયો ખોદતાં નીકળેલી હતી. તેની પ્રતિષ્ઠા સંવત ૧૮૭૨ ના શે શ્રી ભાવનગરવાળા મેતા કલ્યાણજી લખુએ કરેલી છે. આ દેરાસર વિશેષ પ્રાચીન છે. તેની અંદરના મૂળનાયકજી કોઇ પણ ઉપદ્રવના કારણસર ભૂમિમાં ભંડારી દીધા હશે એવું અનુમાન થાય છે. ગર્ભદ્વારને લગતા જમણી બાજુના ગોખલામાં એક દંપતીની સજોડે ઉભેલી મૂર્ત્તિઓ છે. તેની નીચે સંવત ૧૯૩૭ના વૈશાખ વદિ ૧૨ની તિથિ લખી છે. તે સાથે બીજો પણ લેખ છે પણ તેનો અર્થ બરાબર બંધબેસતો નથી. આ મૂર્ત્તિ આ ચૈત્ય કરાવનાર ગૃહસ્થની હોવાનું અનુમાન થઇ શકે છે. આ મંદિર નાનું છતાં શોભીતું છે, શિખરબંધ છે, મૂર્ત્તિઓનો પરિવાર બહુ થોડો છે, અને ચારે બાજુ આરસ ચોડેલા હોવાથી બહુ રમણિક અને ભવ્ય લાગે છે.

આ મૂળનાયકજીની મૂર્ત્તિ પ્રાચીન હોવા સાથે એવી અલૌકિક દેખાય છે કે જેના દર્શન કરતાં અત્યંત આહ્લાદ ઉત્પન્ન થાય છે. તે **સાચાદેવ**ના નામથી પ્રસિદ્ધ છે. તેનું કારણ અધિષ્ઠાયકની જાગૃતિનુંજ હોવા સંભવ છે. મુખ્ય મંદિરની જમણી બાજુ ઉપર ૧૧ દેરીઓ એક લાઇનમાં છે. તે પણ આરસ તથા રંગ વિગેરેથી સુંદર બનાવેલી છે. તેની આડી સળંગ જાળી ભીડેલી છે. તે ૧૧ દેરીઓમાં જુદા જુદા ગૃહસ્થોએ પ્રતિષ્ઠા કરાવેલી છે. સર્વ દેરીઓમાં મૂર્ત્તિઓ બહુજ સુંદર છે. દર્શન કરતાં આનંદ ઉપજે તેવું છે.

અહીં ઉના પાણી વિગેરેની જોગવાઇ બહુ સારી હોવાથી પૂજા કરવામાં અપ્રતિમ આનંદ ઉપજે તેવું છે. મુખ્ય મંદિર ફરતી જમીનની છુટ સારી છે. સાંજને વખતે દર્શન કરી, આરતી ઉતારીને ધર્મચર્ચા કરવા માટે અથવા જિનસ્તવનાદિ કે સઝાય વિગેરે બોલવા માટે બેસવાને બહુ સુંદર સ્થાન છે.

આ જિનમંદિર તથા દેરીઓમાં દર્શનનો લાભ લઇને આગળ ચાલતાં આ ટું-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કના ઉંચા શિખરપર જવાય છે. તે રસ્તો ડુંગરમાંથી કોરી કાઢેલો તેમજ બાંધેલો છે અને બહુ ટુંકો છે. એ શિખર ઉપર એક દેરાસર છે. તેમાં ચોમુખબિંબ સ્થાપેલા છે. તેની પ્રતિષ્ઠા સંવત ૧૮૭૭માં શ્રી રાધણપુરવાળા શેઠ ગણેશ દામજીએ કરાવેલી છે. આ ચતુર્મુખબિંબ પણ બહુ સુંદર છે. મંદિરની બહાર શ્રી સિદ્ધાચળની સામે ચૈત્યવંદન કરવા માટે નિર્માણ કરેલું એક બાંધેલું સ્થળ છે. તે બરાબર સિદ્ધાચળની સામેજ આવેલું છે. અહીંથી બહુ સ્વચ્છ રીતે દર્શન થાય છે, અને જાણે આપણે સિદ્ધાચળની બહુ નજદીકમાંજ હોઇએ તેવો ભાસ થાય છે. અહીં એક કીર્તિસ્થંભ ઉભો કરેલો છે તે દેવીદાસના દંડને નામે ઓળખાય છે.

આ જિનમંદિરની ફરતો કિલ્લો છે પણ જરા નીચો છે. અહીંથી તળાજા શહેરનો દેખાવ બહુજ રમણિક લાગે છે. ઘર શ્રેણીબંધ અને એક સરખા શિરોભાગવાળા દેખાય છે. તળાજી તથા શત્રુંજયી નદીના પ્રવાહ અને તેનો સંગમ તેમજ તેનું સમુદ્રને મળવામાટે ઉતાવળું ગમન જોતાં આનંદ થાય છે.

આ તીર્થના સંબંધમાં વિશેષ હકીકત લખવાની ન હોવાથી આ વર્ણન ટુંકામાંજ લખવામાંજ આવ્યું છે. પરંતુ તેની યાત્રા કરતાં જે આહ્લાદ ઉત્પન્ન થાય છે તે તો લખી શકાય તેમજ નથી. તેથી અહીં વધારે વિસ્તાર ન કરતાં દરેક જૈન બંધુએ આ તીર્થની યાત્રાનો લાભ લેવો યોગ્ય છે એટલું લખવુંજ બસ છે.

તળાજા શહેરમાં એક શિખરબંધ દેરાસર છે. તેમાં મુળનાયકજી શ્રી શાંતિનાથજી બીરાજે છે. તાળાજાથી દોઢ ગાઉ ઉપર આવેલા **સાખડાસર** ગામે જમીનમાંથી સંવત ૧૯૫૬ ની સાલમાં નીકળેલ શ્યામવર્ણી શ્રી પાર્શ્વનાથજીના અતિ સુંદર બિંબ બાજુપરના બંગલામાં બીરાજે છે. આ બિંબ પણ સંપ્રતિ રાજાના ભરાવેલા જણાય છે અને કસોટીના પાષાણથી નિર્મિત હોય એમ લાગે છે. ઉંચાઇમાં સુમારે ૨૧ ઈંચ છે. કોઇ પણ મંદિરમાં મુળનાયકજી કરવા યોગ્ય છે. અહીંના ગૃહસ્થોનો ઈરાદો સાચાદેવના ચૈત્યને લગતું નજીકના ભાગમાં બીજું દેરાસર બાંધીને ત્યાં મુળનાયકજી કરવાનો છે. ઉદાર ગૃહસ્થોએ આ લાભ લેવા યોગ્ય છે.

તળાજી નદીના કિનારા ઉપર નામદાર ભાવનગર દરબારનો વિશાળ ઉતારો છે. તેમાં વહીવટદાર વિગેરેની કચેરીઓ છે. તે ઉતારાને લગતી અજીમગંજ નિવાસી **બાબુસાહેબ બુધસિંહજી બહાદુરની** બંધાવેલી વિશાળ ધર્મશાળા છે. તેમાં યાત્રાળુઓને ઉતરવાની બહુ સારી સગવડ છે. એજ બાબુસાહેબ તરફથી અહીં એક જૈનશાળા ચાલે છે. તેની અંદર છોકરાઓ તથા કન્યાઓ ધાર્મિક અભ્યાસ કરે છે. માસ્તર ચાલાક અને ચીવટવાળા છે.

આ તીર્થના સંબંધમાં **પંડિત શ્રી વીરવિજયજી** શત્રુંજય મહિમા ગર્ભિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત નવાણુ પ્રકારી પૂજાની અંદર બીજી પૂજામાં લાવ્યા છે કે—"**ઢંક કદંબને કોડી નિવાસો, લોહીત તાળધ્વજ સુરગાવે; ઢંકાદિક પંચટુંક સજીવન, સુરનર મુનિ મળી નામ થપાવે.** ગિરિવર૦" આમાં એવો ભાવાર્થ છે કે 'આ પાંચે ટુંકનાં નામ દેવો, મનુષ્યો અને મુનિઓએ મળીને સ્થાપન કરેલાં છે અને એ પાંચે ટુંક સજીવન સ્થિતિવાળી છે.' આ પાંચમાંથી હાલમાં કદંબગિરિ ને તાળધ્વજગિરિ એ બે નામ પ્રસિદ્ધમાં જણાય છે.

આ તીર્થના સંબંધમાં પાલીતાણાવાળા મર્હુમ શેઠ **તલકચંદ માણેકચંદ** દમણીનું બહુ સારૂં લક્ષ હતું. તેમણે તેની સુંદરતામાં ઘણોજ વધારો કરેલો છે અને ઘણી મદદ આપી અપાવી છે. તેમનો અભાવ થવાથી એક મદદગારની ખામી આવી પડી છે. પરંતુ સંઘ આણંદકલ્યાણી હોવાથી એકને બદલે અનેક મદદગાર મળવા સંભવ છે.

હાલ તો આટલું ટુંક વર્ણન આપી આ લેખ સમાપ્ત કરવામાં આવે છે. પ્રસંગોપાત આ તીર્થના સંબંધમાં જે જે જાણવા યોગ્ય હકીકત મળી આવશે તે પ્રસિદ્ધ કરવામાં આવશે. આશા છે કે સિદ્ધાચળ યાત્રાર્થે આવતા જૈનબંધુઓ આ તીર્થની યાત્રાનો લાભ લઈ આ લેખને સાર્થક કરશે. **તથાસ્તુ.**

# श्री ज्ञानसार सूत्र विवरण

## જૈન તત્ત્વજ્ઞાન–( jain philosophy )

## ' स्थिरता अष्टक ' (३)

જ્યાંસુધી મનની વચનની કે કાયાની ચપળતા ટળી નથી, જ્યાંસુધી તેવી ચપળતા ટાળવા પ્રયત્ન સેવવામાં આવતો નથી અને જ્યાંસુધી જીવને પ્રવૃત્તિમાર્ગ પ્રિય લાગે છે, ત્યાંસુધી જીવને એકાંત હિતકારી અને એકાંત સુખદાયી સ્થિરતા--સમાધિ યા નિવૃત્તિ પ્રાપ્ત થઇ શકતી નથી. તેમાં પણ મનની ચપળતા રોકવી તો બહુજ મુશ્કેલ છે. તે કામ કરવું જેવું દુર્ઘટ છે તેવું તે જરૂરનું પણ છે. મનને વશ કર્યા વિના અથવા મનની ચપળતા વાર્યા વિના તત્ત્વથી જીવને શાંતિ–સમાધિ સંભવતીજ નથી માટે સત્ય અને અવિચ્છિન્ન સુખશાંતિના અભિલાષી જનોએ મનને વશ કરવા અવશ્ય પ્રયત્ન સેવવો જરૂરનો છે. જેમ એક નાયકને વશ કરવાથી સર્વ વશ થઇ જાય છે તેમ મનને વશ કરવાથી સર્વ સુખ સ્વાધીન થાય છે અને સર્વ દુઃખ દૂર જાય છે. તેથીજ શાસ્ત્રકાર મનને વશ કરવા શિષ્યને સદ્બોધ આપે છે, અને ભાર દઇને જણાવે છે કે જ્યાંસુધી મન ઠેકાણે આવે નહીં ત્યાંસુધી કરવામાં આવતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મકરણી પણ ક્લેશરૂપ થાય છે. સ્થિર મનથી-શાંત ચિત્તથી જ્યારે પ્રસન્નપણે યથાવિધિ ધર્મકરણી કરવામાં આવે છે ત્યારે તેની લહેજત, તેની મીઠાશ, તેનો સ્વાદ યા તેનો અનુભવ કોઇ અપૂર્વ રૂપમાં થાય છે. તે કરણી દુઃખહરણીજ છે, એમ આત્માને પોતાનેજ ખાત્રી થાય છે. જોકે સર્વ જીવને સાધ્ય એક સુખજ છે અને તેનાં સાધન તો અસંખ્ય છે, છતાં સમતાથી જે તેમાંના કોઇપણ સાધનને અવલંબી સુખનેમાટે પ્રયત્ન કરે છે તે અંતે સ્વસાધ્ય સુખને પામેજ છે. સમતા અને સ્થિરતા વિનાનો પ્રયત્ન પણ નિષ્ફળ થાય છે. માટે શાસ્ત્રકાર સ્થિરતાને અવલંબી રહેવા ખાસ ઉપદેશ આપે છે કે—

वत्स किं चञ्चलस्वचित्तो[1], भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।
निधिं स्व संनिधावेव, स्थिरता दर्शयिष्यति ॥ १ ॥

ભાવાર્થ—હે વત્સ! તું કેમ ચંચળ ચિત્તવંત છતો વારંવાર ઉધામા કરીને ખેદ પામે છે? સ્થિરતા યોગે તું તારી પાસેજ રહેલા નિધાનને જોઇ શકીશ.

વિવરણ—ગુરૂમહારાજ પરોપકારબુદ્ધિથી શિષ્યને પ્રતિબોધ કરે છે કે ભાઇ! તું ચિત્તની ચપળતાથી કંઇપણ હિત સાધનને સારી રીતે સ્થિરતાથી સેવતો નથી, સમુદ્રના તરંગની જેમ ક્ષણક્ષણમાં કંઇ કંઇ તરંગ ધારે છે, એકને મૂકી બીજી વસ્તુને આદરે છે, અને બીજીને મૂકી ત્રીજીને આદરે છે, એમ કરી અસ્થિરતાથી તેનું કંઇ પણ શુભ ફળ પામતો નથી. તેમ કરવું હે વત્સ! તને હિતકારી નથી, પણ અહિતકારી છે. કંઇ પણ શુભ ક્રિયા સમજીને સ્થિર મન વચન અને કાયાથી સેવી હોય તોજ તેનું યથાર્થ ફળ મળી શકે છે. દષ્ટાંત તરીકે કંઇપણ મંત્રસાધન કે વિદ્યાસાધન જો બરાબર સ્થિરતા અને શ્રદ્ધાથી વિધિવત્ કરવામાં આવે તોજ તે ફળીભૂત થાય છે, નહીં તો તે નિષ્ફળ જાય છે અને ક્વચિત્ નુકશાનકારી પણ થાય છે. માટે કોઇ પણ શુભ કરણી કરતાં અસ્થિરતા કે અશ્રદ્ધા તો કરવીજ નહીં. શ્રદ્ધા અને સ્થિરતાથી સમજપૂર્વક યથાવિધિ તેનું પાલન કરવાથીજ યથેષ્ટ ફળની પ્રાપ્તિ થઇ શકે છે. નહીં તો કેવળ ક્લેશ માત્ર ફળ થાય છે. શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજેજ આ પ્રમાણે કહ્યું છે કે—

જબ લગ આવે નહીં મન ઠામ—એ ટેક.
તબ લગ કષ્ટ ક્રિયા સવિ નિષ્ફળ, જ્યોં ગગને ચિત્રામ. જબલગ૦ ૧
કરની બિન તું કરેરે મોટાઇ, બ્રહ્મવ્રતી તુઝ નામ;
આખર ફળ ન લહેગો જ્યોં જગ, વ્યાપારી બિનુ દામ. જબલગ૦ ૨
મુંડ મુંડાવત સબહિ ગડરિયા, હરિણ રોઝ બન ધામ;
જટાધાર વટ ભસ્મ લગાવત, રાસભ સહતુ હે ઘામ. જબલગ૦ ૩

1 સ્વાંતો એવો પણ પાઠ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એતે પર નહીં યોગકી રચના, જો નહીં મન વિશ્રામ ;
ચિત્ત અંતર પર છલનેકું ચિંતવત, કહા જપત મુખ રામ. જબલગ૦ ૪

બચન કાય ગોપે દ્રઢ ન ધરે, ચિત્ત તુરંગ લગામ;
તામે તું ન લહે શિવ સાધન, જ્યું કણુ સુને રામ. જબલગ૦ ૫

પઢો જ્ઞાન ધરો સંજમ કિરિયા, નફિરાવો મન ઠામ;
ચિદાનંદ ઘન સુજસ વિલાસી, પ્રગટે આતમરામ. જબલગ૦ ૬

એવી રીતે પરભાવમાં જતાં મનને વારી સ્વભાવમાંજ સ્થિર કરવા શાસ્ત્રકાર ભળામણ કરે છે. મનની અસ્થિરતાથી અનેક સંકલ્પવિકલ્પ ઉદ્ભવે છે અને તેથી માનસિક અશાંતિયોગે ભારે દુઃખ પ્રગટે છે અથવા પૂર્વે ચિત્તની પ્રસન્નતાયોગે પ્રાપ્ત થયેલી સુખશાંતિનો ભંગ થાય છે. એમ સમજી અવિચ્છિન્નપણે સુખશાંતિને સાધવા શુદ્ધ સાધ્યમાં સ્વ ચિત્તને સ્થિર કરી સંકલ્પવિકલ્પોને શમાવવા યત્ન કરવો જરૂરનો છે, તેવા પવિત્ર લક્ષ વિના કરવામાં આવતો પ્રયત્ન કંઈ પણ કલ્યાણને સાધનારો થતો નથી; અને પવિત્ર લક્ષ પૂર્વક સ્થિર ચિત્તથી કરવામાં આવેલો પ્રયત્ન શીઘ્ર સફળતાને પામે છે. શુદ્ધ શ્રદ્ધા અને સ્થિરતાથી કોઈ પણ એવું કાર્ય નથી કે જે સાધી ન શકાય. ઈંગ્રેજીમાં પણ કહેવત છે કે Patience and perseverance overcome mountains. અર્થાત્ હિંમત અને ખંતથી ગમે તેવું મહાભારત કામ પણ સાધી શકાય છે. જ્યાંસુધી ચિત્તની ચપળતાથી ઉત્પન્ન થતા અનેક સંકલ્પ વિકલ્પોને હાણી દઇ સ્થિરતા ( Stability of mind ) સાધવાને આત્મા સન્મુખ થતો નથી ત્યાંસુધી લક્ષ વિના ફેંકેલા બાણની જેમ નિષ્ફળતાથી તેને ખેદજ પ્રાપ્ત થાય છે. પરંતુ જ્યારે ચિત્તની ચપળતા ( Agitation of mind ) થી ઉત્પન્ન થતા સંકલ્પવિકલ્પો સમતાયોગે શમી જાય છે ત્યારે ચિત્ત શરદઋતુના જળની જેવું સ્વચ્છ અને શાંત બને છે અને એમ થવાથી આત્મામાં રહેલો સહજ ગુણનિધાન પોતાને સાક્ષાત્ દ્રશ્યમાન થાય છે ; તાત્પર્ય કે ચિત્તની પ્રસન્નતાથી કરવામાં આવતી સર્વ સાધના સફળ થાય છે. જેમ નિર્મળ જળમાં નીચે પડેલી વસ્તુ પ્રત્યક્ષ દેખાય છે તેમ સંકલ્પવિકલ્પની સહજ ઉપશાંતિથી ચિત્તમાં સ્વભાવિક રીતે પ્રગટ થયેલી પ્રસન્નતાવડે આત્મામાં રહેલા અદ્ભુત ગુણોનું એવું ભાન થઇ આવે છે કે જે મનની સંકલ્પવિકલ્પવાળી મલીન દશામાં કદાપિ થઇ શકેજ નહીં. માટેજ સ્થિરતા માટેનો સર્વ ઉપદેશ સાર્થક છે. વળી શાસ્ત્રકાર ચિત્તની ચપળતાથી પ્રગટ થતો મોટો ગેરફાયદો બતાવી આપી સ્થિરતા ગુણનુંજ સેવન કરવા શિષ્યને સમજાવે છેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ज्ञानदुग्धं विनश्यत्, लोभविक्षोभकूर्चकैः ।
अम्लद्रव्यादिवास्थैर्यादिति मत्वा स्थिरो भव ॥२॥

**ભાવાર્થ**—ખટાશવાળા પદાર્થના સંયોગથી જેમ દૂધ ફાટી જાય છે, તેમ લોભજન્ય સંકલ્પવિકલ્પોવડે જ્ઞાન જેવી વસ્તુનો નાશ થઇ જાય છે, એમ સમજીને હે શિષ્ય! તારે સ્થિરતા ધારવીજ યુક્ત છે.

**વિવરણ**—જેમ દહીંની છાશ કે ફટકડી જેવી ખાટી વસ્તુના સંયોગથી થોડાજ વખતમાં દૂધ જેવા મિષ્ટ પદાર્થના ફોદાફોદા થઇ જાય છે, તેમ લોભવાળા માઠા વિકલ્પોવડે અમૃત જેવા જ્ઞાનાદિ ગુણોનો પણ નાશ થઇ જાય છે. કોઇ પણ પુદ્‌ગલિક વસ્તુ સંબંધી લોભ પેદા થયે છતે ચિત્તની ચપળતાથી એવા એવા અને એટલા બધા સંકલ્પવિકલ્પ જાગે છે કે જેથી અમૃત જેવું સુખદાયી અને નિરૂપાધિક જ્ઞાન પણ અવરાઇ જાય છે. જેમ કોઇ એક જળાશયમાં પથ્થરનો કટકો નાંખતાંજ પાણીમાં એક પછી એક એમ અનેક કુંડાળાં થવા માંડે છે અને તે વિસ્તારમાં પણ વધતા જઇ તે જળાશયમાં પથરાતા જાય છે તેમ મિથ્યાત્વ અજ્ઞાન કે અવિરતિ મોહના સંયોગથી આત્મામાં કોઇ પણ જડ વસ્તુ વિષયિક લોભનો ઉદય થાય છે ત્યારે તત્સંબંધી અનેક પ્રકારના સંકલ્પવિકલ્પો પણ સ્વભાવિક રીતેજ ઉઠે છે અને તે પ્રમાણમાં અનુક્રમે વધતા જાય છે. તેથી આત્માનું નિર્મળજ્ઞાન બાધિત થાય છે અને અવરાઇ જાય છે. પ્રથમ જે ચિત્તનો વેગ નિર્મળ જ્ઞાનપ્રવાહમાંજ વહેતો હતો તે આવો જડવસ્તુ વિષયિક લોભ ઉદય થયા પછી બીજા તુચ્છ પુદ્‌ગલ સંબંધી સંકલ્પવિકલ્પની પરંપરામાંજ વહેવા માંડે છે. તેથી નિર્મળ જ્ઞાનના માર્ગમાં મોટો ક્ષોભ પેદા થાય છે અને અનુક્રમે લોભના યોગે સંકલ્પવિકલ્પની વૃદ્ધિ થતાં પૂર્વે ઉપાર્જન કરી રાખેલું જ્ઞાન પણ બહુધા અવરાઇ જાય છે.

મનમાં આવા વિપરીત વેગથી બીજું અપૂર્વ જ્ઞાન પેદા કરવાનું તો બનેજ ક્યાંથી? આવા સબળ કારણથીજ ગુરૂમહારાજ શિષ્યને ચપળતાયોગે થતા સંકલ્પવિકલ્પોને દાબી દેવા અને સ્થિરતા ગુણનું સેવન કરવા માટે ખાસ કરીને સમજાવે છે. ચિત્તની સ્થિરતાથી આત્માની કેવી અવનતિ ( હલકાઇ ) થાય છે, તેનું હવે ગુરૂમહારાજ શિષ્યને કંઇક જ્ઞાન કરાવે છે.

अस्थिरे हृदये चित्रा, वाङ्नेत्राकारगोपना ।
पुंश्चल्या इव कल्याणकारिणी न प्रकीर्तिता ॥ ३ ॥

**ભાવાર્થ**—હૃદય અસ્થિર છતે વ્યભિચારણી સ્ત્રીની વિધવિધ ચેષ્ટા જેમ તેણીને કંઇ પણ હિતકારી થતી નથી તેમ સ્થિરતા રહિત ચળ ચિત્તની પણ વિવિધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચેષ્ટા તેને સુખકારી થઇ શકતી નથીજ.

**વિવેચન**—જેમ પર પુરૂષમાં આસક્ત થયેલી વ્યભિચારણી સ્ત્રી સ્વપતિને વંચન કરવા તથા પોતાની નાતજાતમાં સતીપણું જણાવવા ઠાવકું મોં રાખીને બોલે છે, નીચું જોઇને ચાલે છે, અને સ્વમુખ ગોપવી આધું ઓઢીને હિંડે છે; એ વિગેરે વિવિધ ચેષ્ટાઓ કરે છે તે સર્વે મનની કુટિલતાથી—કપટવૃત્તિથી કંઇ પણ હિતકારી થતી નથી. તેમ ચળચિત્તવાળાની ચેષ્ટા આશ્રી પણ સમજી લેવું. જોકે અસતી સ્ત્રી અનેક પ્રકારની ચેષ્ટા સ્વપતિ વિગેરેને છેતરવા માટેજ કરે છે, અને કદાચ તેથી તે છેતરાય પણ છે; તોપણ તે સ્ત્રી તો પોતાની કુટિલતાથી પોતાના આત્માનેજ ઠગી સતીપણાના સુખ થકી તેમજ સ્વર્ગાદિકના સુખ થકી પોતેજ પોતાને વંચિત રાખે છે. તેમ ચળચિત્તવાળો જીવ પણ ચપળતાથી અપર અપર ક્રિયાને કરતો અને આગલી આગલીને છાંડતો પોતેજ પોતાને તે તે ક્રિયાના શુભ ફળથી વંચિત રાખે છે. દગ્ધ, શૂન્ય, અવિધિ અને અતિપ્રવૃત્તિ એ દોષચતુષ્ટયથી ક્રિયા કરનાર તેના શુભ ફળથી સ્વભાવિક રીતેજ વંચિત રહે છે.

અવંચક ક્રિયા યોગેજ અવંચક ફળ મળી શકે છે. જે ક્રિયામાં કોઈ પણ પ્રકારની કુટિલતા ન હોય તે ક્રિયાજ અવંચક કહી શકાય છે, અને તે મન વચન અને કાયાની એકતાથીજ બની શકે છે. જેવું મનમાં એવુંજ વચનમાં અને એવુંજ કાયામાં પ્રવર્તાવવામાં આવે તોજ એકતા જળવાય છે, અને એવી એકતા જળવાય તોજ ક્રિયાઅવંચકતાથી ફળઅવંચકતા પ્રાપ્ત થાય છે. રહેણીકહેણી એક સરખી કરવાથીજ એવી એકતા જળવાય છે. નિર્દોષ મન, નિર્દોષ એવું સાપેક્ષ વચન અને એવુંજ નિર્દોષ વર્તન કરવાથી ક્રિયાઅવંચકતા ગણાય છે, એવી અવંચકક્રિયાના યોગથી મોક્ષરૂપ અવંચક ફળની સહેજે પ્રાપ્તિ થાય છે. વીતરાગ પ્રભુના પવિત્ર વચનાનુસાર શુદ્ધ શ્રદ્ધા અને નિશ્ચળતા પૂર્વક વર્તવાથી આત્માને અંતે એવો અપૂર્વ લાભ મળે છે, એમ સમજીને ચિત્તની ચપળતા વારવાને અને નિશ્ચળતા આદરવાને અવશ્ય પ્રયત્ન સેવવો યુક્ત છે. મનની ઉપર કાબુ મેળવ્યા વિના વચન અને કાયાની પ્રવૃત્તિ નિર્દોષ સંભવતી નથી. સ્વચ્છંદપણે ચાલવાથી નિરપેક્ષ વચનનો વ્યાપાર તેમજ તેવું નિરપેક્ષ વર્તન પણ સંભવે છે. માટેજ મનને સાધવા વિશેષે પ્રયત્ન કરવાની જરૂર છે. કહ્યું પણ છે કે—" મનને જીતવાથી ઇંદ્રિયો સુખે જીતી શકાય છે, અને ઇંદ્રિયો જીતાયાથી કર્મનો પણ સુખે નિરોધ થઇ શકે છે. કર્મનો નિરોધ થવાથી અંતે અક્ષય સુખ પ્રાપ્ત થાય છે, માટે મનનેજ મારવું યુક્ત છે. " મનને માર્યા વિના ઇચ્છાનિરોધ થતો નથી અને ઇચ્છાનિરોધ વિનાનો તપજપ પણ અક્ષયસુખને માટે થતો નથી. કેમકે ઇચ્છાનિરોધરૂપ તપજપ સંયમવડેજ આત્મા સર્વ કર્મબંધનથી સ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્વથા મુક્ત થઇને અવિનાશી એવા મોક્ષપદને પામે છે.

ચિત્તની સ્થિરતા વિના અધીરજ અને અવિશ્વાસથી અથવા કેવળ લોકરંજન માટે કરવામાં આવતી કરણી કંઇ પણ કલ્યાણને માટે થતી નથીજ, એ ઉપરની વાતથી સિદ્ધ થાયછે તોપણ તે વાતનેજ પુષ્ટિ આપવા શાસ્ત્રકાર પુનઃ યુક્તિસર શિષ્યને સમજાવે છે કે

अंतर्गतं महाशल्यमस्थैर्यं यदि नोध्दृतं ।
क्रियौषधस्य को दोषस्तदा गुणमयच्छतः ॥ ४ ॥

**ભાવાર્થ**—જ્યાં સુધી અસ્થિરતા રૂપી અંતરનું મોટું શલ્ય ઉદ્ધર્યું નથી ત્યાં સુધી ક્રિયારૂપી ઔષધ આત્માને ગુણકારી ન થાય તેમાં તે ક્રિયાનો શો દોષ છે? અપિતુ કંઇજ દોષ નથી.

**વિવરણ**—જ્યાંસુધી પેટમાં ચોંટ રહી ગઇ હોય અને તેને કોઇ ઉપાયવિશેષથી દૂર કરી ન હોય ત્યાં સુધી ગમે તેવું ઔષધ રોગીને ગુણકારી થઇ શકતું નથી, તેથીજ નિપુણ વૈદ્યલોક દરદીના દરદનું નિદાન શોધીને પછીજ તેને ઉચિત દવા આપે છે. જો પેટમાં ચોંટ રહેલી માલમ પડે તો પ્રથમ તેનોજ ઉપાય કરે છે. ચોંટ રહી જવાથી મળકોશ બગડે છે, ચૂંક આવે છે, બદહજમી થાય છે, અને તેનો અવસરે ઉચિત ઈલાજ કરવામાં ઉપેક્ષા કરવામાં આવે તો કવચિત્ પ્રાણાંત પણ થઇ જાય છે; તેથીજ નિપુણ વૈદ્યજનો તેનો ઉપાય પ્રથમ કર્યા પછીજ બીજો ઘટિત ઇલાજ કરે છે. એક જરા જેટલી ફાંસ પણ જો હાથ કે પગમાં ખૂંચી ગઇ હોય તો જીવને કયાંય ચેન પડતું નથી, જ્યારે તેને યત્નથી ઉદ્ધરી લેવામાં આવે છે ત્યારેજ શાંતિ વળે છે, તો પછી ઉંડા ખુંચી ગયેલા મોટા શલ્યનું તો કહેવુંજ શું! જ્યાંસુધી તે અંદર પેઠેલા શલ્યનો નિકાલ ન થાય ત્યાંસુધી જીવને એક ક્ષણભર પણ રતિ ઉપજતી નથી; પરંતુ આ સર્વે તો દ્રવ્ય શલ્ય છે અને તે બાહ્ય ઉપચારોથી ઉદ્ધરી પણ શકાય એવા છે, તેથી તે વિવિધ ઉપાયોથી ઉદ્ધરી લેવામાં પણ આવે છે. તેમ છતાં તેવું દ્રવ્ય શલ્ય ગમે તો રહી જાય તોપણ તેની ફક્ત એકજ ભવમાં વ્યથા સહેવી પડે છે. વળી તે જો સમભાવે સહન કરી લેવાય તો ભવાંતરમાં તેવા દ્રવ્ય શલ્યથી કંઇ પણ દુઃખ થતું નથી. પરંતુ જો મનની અસ્થિરતા—ચિત્તની ચંચળતારૂપ અંતરંગ ભાવશલ્ય રહી જાય તો તેથી જીવને અનેક ભવમાં વિટંબના સહેવી પડે છે. જ્યારે એક નાની સરખી ફાંસની પણ વેદના સહન કરવી મુશ્કેલ થઇ પડે છે અને તેથીજ તેટલી ફાંસને પણ ઝટપટ કાઢી નાંખવા પ્રયત્ન કરાય છે ત્યારે અનંત દુઃખદાયી એવા સંસારચક્રમાં ભમાડનાર અસ્થિરતારૂપી અંતરંગ મહાશલ્યની તો શાણા માણસોથી કેમજ ઉપેક્ષા કરી શકાય? બાહ્ય ઉપચારથી સુખે ઉદ્ધરી શકાય એવા દ્રવ્યશલ્યની પણ દુઃખદાયી ઉપેક્ષા કરાતી નથી તો અંતરંગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાશલ્યની તો ઉપેક્ષા કરીજ કેમ શકાય ? અને એવી અણઘટતી ઉપેક્ષા કરવાથી આત્માનું કેટલું બધું અહિત થાય ? એમ સમજીને શાણા માણસોએ તે અંતરંગ મહાશલ્યને ઉદ્ધરવા માટે યોગ્ય પ્રયત્ન અવશ્ય કરવોજ જોઈએ. તેના ઉપચારના જાણુ એવા જ્ઞાની સદ્‌ગુરૂની સમીપે જઈ નમ્રતા પૂર્વક પોતાનું દુઃખ નિવેદન કરી તેનો અમોઘ ઉપાય પૂછવો જોઈએ. સદ્વૈદ્ય સમાન સદ્‌ગુરૂ ભવ્યજીવની કહેલી હકીકત સાંભળીને અથવા તો તેના ઇંગિત આકાર ઉપરથી જાણીને એકાંત હિતબુદ્ધિથી સદુપાય બતાવે છે, તે બરાબર લક્ષમાં રાખીને કાળજીથી સેવવો જોઈએ. ચિત્તની ચંચળતા–અસ્થિરતા જેથી વધતી જતી હોય એવા બાધક વિચારોથી અથવા તેનાં કારણોથી દૂર રહેવા સંબંધી જે સદુપદેશ તેઓ દે તેનું અમૃતની જેમ પાન કરવું જોઈયે. જેમ સદ્વૈદ્યનાં હિતકારી વચનને વિરોધી સ્વચ્છંદપણે વર્તનાર માણસ દુઃખીજ થાય છે તેમ સદ્‌ગુરૂનાં એકાંત સુખકારી વચનોનો અનાદર કરીને આપમતે ચાલનાર શિષ્ય પણ દુઃખનોજ ભાગી થાય છે. માટે ગુરૂમહારાજ પરોપકારબુદ્ધિથી આપણને જે જે સારી શિખામણો આપે તે તે લક્ષ પૂર્વક સાંભળી હૃદયમાં ધારણ કરી તેનો બનતો અમલ કરવા કટિબદ્ધ રહેવું એ આપણી ફરજ છે.

જો સદ્‌ગુરૂની સત્ય અને સરલ સુખદાયી શિખામણોનો આપણે સારી રીતે આદર કરવા ચૂકીએ નહિં, તો આપણા ચિત્તની ચંચળતા, વચનની નિરપેક્ષતા અને કાયાની કુટિલતા દૂર કરવાને આપણે સમર્થ થઇ શકીએ. પરંતુ જો આપણે આપણા કર્તવ્યથી ચુકીને સદ્‌ગુરૂનાં વચનનો અનાદર કરીએ તો આપણે આપણા મન વચન અને કાયાને નિર્દોષ બનાવવાને બદલે ઉલટા સદોષ બનાવીએ અને એવા સદોષ મન વચન કાયાથી કરવામાં આવતી ક્રિયા પણ સદોષજ થાય. જ્યારે ક્રિયાજ સદોષ હોય ત્યારે તેમાંથી નિર્દોષ એવા મોક્ષફળની આશા શી રીતે રાખી શકાય? અથવા તો જેમ દૂધ ઘી જેવા પૌષ્ટિક પદાર્થો નીરોગીને પુષ્ટિકારક થાય છે તેમ રોગિષ્ટને સુખદાયી થતા નથી પણ ઉલટા દુઃખદાયી થાય છે. તેવીજ રીતે જે ક્રિયા સ્થિર મન વચન અને કાયાવડે કરવાથીજ કલ્યાણ સાધી શકાય છે તેજ ક્રિયા તેથી વિપરીત યોગવડે સાધવાથી આત્માને શી રીતે હિતકારી થઇ શકે ? એમ સમજીને જે શુભાશય સ્થિરતાનું સેવન કરે છે તેમને કેટલી બધી સુખશાંતિ સંભવેછે તે શાસ્ત્રકાર હવે બતાવે છે—

स्थिरता वाङ्मनःकायैर्येषामंगांगितां गता ।
योगिनः समशीलास्ते, ग्रामेऽरण्ये दिवानिशि ॥ ५ ॥

**ભાવાર્થ**—જેમને મન વચન અને કાયા સંબંધી સર્વ યોગથી સ્થિરતા સં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્ણ વ્યાપી ગઇ છે એવા યોગી પુરૂષો ગામમાં કે અરણ્યમાં દિવસે કે રાત્રે સમપરિણામેજ વર્તે છે. તેમની શાંત પ્રકૃતિમાં ફેરફાર થતો નથી.

**વિવરણ**—સદ્વિચારોવડે અસદ્વિચારોને ઉપશમાવી દઇ શુભ સંકલ્પ બળથી અશુભ સંકલ્પવિકલ્પને હઠાવી દઇ મનની મલીનતા દૂર કરી, અનુક્રમે શુદ્ધ સ્વરૂપી પરમાત્મામાં મનને પરોવી દઇ, દ્રઢ અભ્યાસથી તેમાં મનની એકતાને—સ્થિરતાને જે સાધે છે, તેમજ સર્વજ્ઞ વીતરાગે કથેલો આપ્ત આગમોનો આશ્રય લઇ સત્ય તત્ત્વનું શોધન કરી, ક્રોધ માન માયા લોભ ભય અને હાસ્યને દૂર કરી, પ્રાણાંત કષ્ટથી પણ નહીં ડરતાં, અચળ સિદ્ધાંતને વળગી રહી, સહુ કોઇને પ્રિય પથ્ય અને તથ્ય વચનવડેજ સંતોષી, વચનના નિગ્રહવડે જે મૌનિંદ્રમાર્ગને અનુસરે છે, અર્થાત્ જેવું મનમાં વર્તે છે એવુંજ વચન દ્વારા વદે છે અને એવુંજ લક્ષ પૂર્વક કાયાથી પ્રવર્તાવે છે, એમ જેના ત્રણે યોગ અવિરૂદ્ધપણે પ્રવર્તે છે, તેવા અવિરૂદ્ધ વર્તનથી જેમન સર્વાંગે સ્થિરતા વ્યાપી છે, એવા યોગી પુરૂષોની સહજ શાંતિનું શું કહેવું ? ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોમાં, ગમે તેવા સ્થાનમાં કે ગમે તેવા સમયમાં, તેવા સાધુ પુરૂષોનો સ્વભાવ શીતળજ સંભવે છે. તેમાં કદાપિ વિકાર થવો સંભવતોજ નથી. કોઇ આવીને સન્મુખ ઉભા રહી તેની સ્તુતિ કરો યા નિંદા કરો, કોઇ આવીને શીતળ ચંદનાદિકથી અર્ચા કરો યા કોઇ આવીને વાંસલાવડે છેદી જાઓ તોપણ તે બંને ઉપર જેને સમાન ભાવ વર્તે છે તે મહા પુરૂષજ યોગીના અદ્ભુત નામને સાર્થક કરે છે. જે રાજાને અને રંકને સમાનપણે સદુપદેશ આપે છે અર્થાત્ જે તે બંનેમાં કંઇ ભેદભાવ લેખતા નથી, સુવર્ણ અને પાષાણને સરખા ગણે છે, જેમ પાષાણને ગણે છે તેમ સુવર્ણને પણ ગણે છે, અને જે નારીને કાળી નાગણી જેવી અનર્થકારી લેખી દૂરથીજ પરિહરે છે એવા સત્પુરૂષોજ સાધુ નામને સાર્થક કરી શકે છે. જે નિંદા કે સ્તુતિને શ્રવણે સુણીને મનમાં કંઇ પણ ખેદ કે હર્ષને ધારણ કરતા નથી, એવા યોગીશ્વર પુરૂષોજ પરમપદને સાધી શકે છે. જે ચંદ્રની પેરે સ્વભાવે શીતળ છે, સાયરની જેવા ગંભીર છે, અને ભારંડ પંખીની જેમ અપ્રમત્ત રહે છે તેવા સાધુ પુરૂષોજ સ્વપર હિત સુખે સાધી શકે છે. જે પોતે પોતાને ઉચિત વ્યવહારને સેવતા સતા કમળની જેમ ન્યારાજ રહે છે, પોતાને બાધક કર્મનો લેપ ન લાગે એમ સંભાળથી જે વર્તે છે તેવા મહા પુરૂષ ખરેખર મુક્તિના અધિકારી છે. એવા અધિકારી પુરૂષોની પ્રકૃતિ સ્વભાવિક રીતેજ શીતળ હોય છે તેથી બહારના સંયોગો વડે તેમાં વિકૃતિ થવા સંભવ રહેતોજ નથી. તેવા આત્મારામી યોગીશ્વરોને અમારી ત્રિકાળ વંદના હો.

સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી હિરપ્રશ્નમાંથી કેટલાએક પ્રશ્નોત્તર.

(અનુસંધાન પુ૦ ૨૪ માના પૃષ્ઠ ૪૧૬ થી)

પ્રશ્ન—શ્રાદ્ધવિધિમાં ચૌદ નિયમના અધિકારમાં સચિત્ત ને વિગય વર્જીને જે વસ્તુ મુખમાં નાંખીએ તે સર્વ દ્રવ્ય ગણાય, એમ કહેલું હોવાથી ત્રિફળા વિગેરે મુખમાં નાખીએ તો તે દ્રવ્યમાં ગણાય કે નહીં ?

ઉત્તર—અનાહાર વસ્તુ પણ પ્રાયે દ્રવ્યમાં ગણાય એમ જણાય છે ; પણ પ્રત્યાખ્યાનને અવસરે જો તે ન ગણવું એમ ધાર્યું કે કહ્યું હોય તો ન ગણાય. જેમ સચિત્ત ને વિગય દ્રવ્યમાં ન ગણાય એમ કહેલ છે છતાં હમણા ઘણા જનો પ્રાયે તેને દ્રવ્યમાં ગણુતા દેખાય છે.

પ્રશ્ન—ગ્રંથિ સહિત ( ગંઠસહી ) પ્રત્યાખ્યાનમાં તે પચ્ચખ્ખાણ મુકયા પછી અણાહારી વસ્તુ મોઢામાં નાખવી સુઝે કે નહીં ?

ઉત્તર—ગ્રંથિ સહિત પ્રત્યાખ્યાન મુકયે સતે પણ કારણે અનાહાર વસ્તુ ગ્રહણ કરવી કલ્પે એમ જણાય છે.

પ્રશ્ન—( પ્રથમ દીક્ષા આપ્યાને ) છ માસ વીતી જતા હોય તો પર્યૂષણની અગાઉ વડી દીક્ષા અપાય કે નહીં, અને ત્યાર પછી અપાય તો પણ વિજય દશમીની પહેલાં અપાય કે ત્યાર પછીજ અપાય ?

ઉત્તર—છ માસ અતિક્રમી જતા હોય તો પર્યૂષણાની અને વિજય દશમીની પહેલાં પણ ઉપસ્થાપના કરી શકાય ( વડી દીક્ષા આપી શકાય ), અન્યથા તો વિજય દશમીની પછીજ થાય.

પ્રશ્ન—પૂર્ણિમા ને અમાવાસ્યાની વૃદ્ધિમાં ઔદયિકી તિથિજ આરાધવી કે પહેલી તિથિ આરાધવી?

ઉત્તર—ઔદયિકી તિથિજ આરાધ્ય જાણવી.

પ્રશ્ન—અન્યદર્શનીના ધર્માનુષ્ઠાન અનુમોદન યોગ્ય કે નહીં ?

ઉત્તર—અન્યદર્શનીનું પણ જે માર્ગાનુસારી ધર્મકૃત્ય હોય તે શાસ્ત્રને અનુસારે અનુમોદનાને યોગ્ય જણાય છે.

પ્રશ્ન—ઉપસ્થાપના કર્યા પછી કેટલાક યોગના દિવસો અવશિષ્ટ રહ્યે સતે મંદવાડ વિગેરે કારણથી જો છમાસ અતિક્રમે તો ફરીને પ્રવ્રજ્યાયોગોદ્વહન પૂર્વક ઉપસ્થાપના થાય છે, તેમાં પ્રવ્રજ્યા ગચ્છનાયકજ આપે કે બીજા આપે ?

ઉત્તર—ગચ્છનાયકજ પ્રવ્રજ્યા આપે.

પ્રશ્ન—શ્રી ભગવતી સૂત્રને અનુસારે તેમજ કર્ણિકાવૃત્તિ વીરચરિત્રાદિને અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નુસારે જમાળીના કેટલા ભવ જાણવા ?

ઉત્તર—જમાળીના પંદર ભવ જાણવા.

પ્રશ્ન—મહાદિશાના કારણથી આસો ને ચૈત્ર માસમાં કેટલાક દિવસો સિદ્ધાંતની વાંચનાદિકમાં અસ્વાધ્યાય દિવસો ગણીને તજીએ છીએ તેજ પ્રમાણે ઇદનો દિવસ પણ તેજ હેતુએ કેમ ન તજવો ? કેટલાક તે દિવસ તજે છે. આપણી તે સંબંધમાં શું મર્યાદા છે ?

ઉત્તર—ઇંદને દિવસે અસ્વાધ્યાયના સંબંધમાં વૃદ્ધોએ તે પ્રમાણે આચરેલ નથી એજ નિમિત્ત જાણવું.

પ્રશ્ન—રાત્રે જેણે સુખડી ( પકવાન્ન ) ખાધેલ હોય તેને સાંઝનું અને સવારનું પ્રતિક્રમણ કરવું સુઝે કે નહીં ?

ઉત્તર—**अविहिकया वरमकयं, उस्सुयवयणं कहंति गीयथ्था । पायच्छित्तं जम्हा अकए गुरुअं कए लहुअं ॥१॥** આ પ્રતિક્રમણ હેતુ ગર્ભની ગાથાને અનુસારે પ્રતિક્રમણ કરવું તેજ સુંદર લાગે છે.

પ્રશ્ન—રાત્રે ખાનારને પ્રભાતે નવકારસહી વિગેરે પ્રત્યાખ્યાન સુઝે કે નહીં ?

ઉત્તર—પ્રત્યાખ્યાન તો સુઝે, પણ તે શોભે નહીં.

પ્રશ્ન—ચોમાસામાં સાધુને નગરપ્રવેશ ને નિર્ગમનમાં પાદપ્રમાર્જન કરાય કે નહીં ?

ઉત્તર—રજ વળગેલ હોય તો કરાય, નહીં તો નહીં.

પ્રશ્ન—તપાગચ્છવર્ત્તિ મુનિવૃંદ વિના બીજે ચારિત્રની શ્રદ્ધા કરવી કે નહીં ?

ઉત્તર—તપાગણથી અન્યત્ર ચારિત્રની શ્રદ્ધા ન કરવી એમ એકાંત નથી.

પ્રશ્ન—જેમ વનસ્પતિ વિગેરેમાં કેટલાક જીવો એકાવતારી પણ હોય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે તેમ મતાંતરીય વૃંદમાં પણ કોઈ એકાવતારી હોય કે નહીં ?

ઉત્તર—મતાંતરીય વૃંદમાં કોઈ એકાવતારી ન હોય એવો એકાંતે નિષેધ જાણ્યો નથી.

પ્રશ્ન—કોઇ કારણે યોગોદ્વહન વિના કલ્પસૂત્ર વાંચવાની અનુજ્ઞા ખરી કે નહીં ?

ઉત્તર—કારણે કોઈક યોગોદ્વહન વિના કલ્પસૂત્ર વાંચતા જણાય છે, પરંતુ તેવા અક્ષર જોવામાં આવ્યા નથી.

પ્રશ્ન—દેશવિરતિ અંગીકાર કર્યા વિનાના શ્રાવકો પ્રતિક્રમણ કરે છે તે ફળવાન્ કે નહીં ?

ઉત્તર—ફળવાન્ જણાય છે, કેમકે શ્રાદ્ધકુળમાં ઉત્પન્ન થવાથી વ્રતોચ્ચારનો અભાવ સતે પણ દેશવિરતિ પરિણામનો સદ્ભાવ હોય છે, વળી સામાયિક ઉચ્ચર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વું તેજ વિરતિરૂપ છે અને ભાવની વિશુદ્ધિ છે.

પ્રશ્ન—શ્વેત સિંધવ અચિત્ત છે, એવા અક્ષરો ક્યાં છે ?

ઉત્તર— શ્રાદ્ધવિધિમાં વર્તે છે.

પ્રશ્ન—પ્રતિક્રમણમાં ઘી વગેરે બોલાવીને આદેશ અપાય છે તે ઠીક છે કે નહીં?

ઉત્તર—એ આચરણ સુવિહિતે આચરિત નથી, પરંતુ કેટલેક ઠેકાણે તેના અભાવે જિનભવનાદિના નિર્વાહનો અસંભવ હોય છે તેથી તે નિવારવાને અશક્ય છે.

પ્રશ્ન—જિનમંદિરમાં ચૈત્યવંદન કરવું તે ઇર્યાવહી પ્રતિક્રમણ પુરસ્સરજ કરવું કે અન્યથા થઇ શકે?

ઉત્તર—જિનમંદિરમાં ઇર્યાવહી પ્રતિક્રમણ પુરસ્સર ચૈત્યવંદન કરવાના સંબંધમાં એકાંત નથી એમ જણાય છે.

પ્રશ્ન—નમસ્કાર સહિત પ્રત્યાખ્યાન રાત્રિપ્રત્યાખ્યાનમાં ગણાય કે જુદું ગણાય? અને તે પ્રત્યાખ્યાન કરીને શ્રાવક એક પહોર પર્યંત રહે તો તેને પોરિસિનો લાભ મળે કે બે ઘડી સંબંધીજ મળે ?

ઉત્તર—નમસ્કાર સહિત ( નવકાર સહી ) પ્રત્યાખ્યાન દિવસમાં ગણાય છે, રાત્રિમાં ગણાતું નથી; અને તે પ્રત્યાખ્યાન કરીને પોરિસિ પર્યંત અનુપયોગે રહે તો લાભને માટે નથી; ઉપયોગ પૂર્વક રહે તો લાભને માટે છે.

પ્રશ્ન—ત્રેસઠ શલાકા પુરૂષો ગૃહસ્થપણામાં અઠ્ઠમાદિ તપ કરે છે, તેથી તેઓ વિરતિવાળા ખરા ?

ઉત્તર—ત્રેસઠ શલાકા પુરૂષો ગૃહસ્થપણામાં વિરતિવાળા સાંભળ્યા નથી. અઠ્ઠમાદિ તપ કરે છે, તે તો સાંસારિક કાર્યાર્થે કરે છે, નિર્જરાર્થે કરતા નથી.

પ્રશ્ન—એક સાથે સામાયિક લેનારા બે જણામાંથી એકે સામાયિક સંપૂર્ણ થયે પાર્યું ને બીજો પહોર સુધી બેસી રહ્યો; તે બંનેને લાભમાં સરખાપણું કે ફેર ?

ઉત્તર—કર્યું છે સામાયિક જેણે એવો શ્રાવક બે ઘડીથી ઉપર સામાયિક પાળે તો ઉપયોગ સતે લાભને માટે છે અને અનુપયોગ સતે અતિચારને માટે છે, એમ જાણ્યું છે.

પ્રશ્ન—શ્રાવકને પોરૂષ્યાદિ પ્રત્યાખ્યાન ચોવિહારાજ હોય કે અન્યથા પણ હોય?

ઉત્તર—શ્રાવકને પોરૂષ્યાદિ પ્રત્યાખ્યાન ચતુર્વિધાહારજ હોય અને અન્યથા પણ હોય. કારણકે **निसि पोरिसि पुरिमेगासणाई, सड्ढाण दुति चउहा** એવું ભાષ્યનું વચન છે. તેથી દુવિહાર, તિવિહાર અને ચોવિહાર ત્રણે પ્રકારે કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્પે.

પ્રશ્ન—શ્રી મહાવીર સ્વામીને વાંદવા નિમિત્તે પોતાના શાશ્વત વિમાને ચંદ્ર સૂર્ય આવ્યા, પણ તારાઓના વિમાનમાં અંતરાળ ભાગ અલ્પ છતાં તેમના મોટા વિમાનનું તેની વચ્ચેથી આવવું શી રીતે થઇ શક્યું?

ઉત્તર—આ બાબતમાં જેમ ચંદ્રસૂર્યનું પોતાના વિમાનવડે આવવું તે દશ આશ્ચર્યમાં ગણાય છે તેમ તારાના વિમાનની અંદર પ્રવેશ પણ તેની અંતર્ગત આશ્ચર્ય તરીકે ગણી લેવો એમ સંભવે છે.

પ્રશ્ન—તીર્થંકરના કલ્યાણકસમયે સૌધર્મેંદ્રાદિક ઇંદ્રો નંદીશ્વર દ્વીપમાંહેના રતિકર પર્વતની ઉપર પોતાના વિમાનોનો સંકોચ કરીને અહીં આવે છે ત્યારે તેમના વિમાન સ્થિર તારાઓની અંદર અંતરનું વિશેષ ઓછાપણું હોવાથી તેમાંથી કેમ નીકળતા હશે?

ઉત્તર—આ સંબંધમાં એમ કહ્યું છે કે **तारस्सय तारस्सय जंबुद्दिवंमि अंतरं गुरुअं ।** 'તારા તારાની વચ્ચે જંબુદ્વીપમાં વધારે અંતર છે.' આમ જંબુદ્વીપમાં જેમ તારાના અંતરાળનું માન કહ્યું છે તેમ અન્યત્ર અંતરાળનું માન સાંભળ્યું નથી, તેથી તેમાં કાંઇ પણ શંકા કરવા જેવું નથી.

પ્રશ્ન—કર્યું છે ચતુર્થ ભક્તનું પ્રત્યાખ્યાન જેણે એવા શ્રાવકને પારણે તથા ઉત્તર પારણે ત્રિવિધાહાર ને દ્વિવિધાહાર પ્રત્યાખ્યાન કરવું કલ્પે કે નહીં?

ઉત્તર—પરંપરાથી ત્રિવિધાહાર પ્રત્યાખ્યાન કરવામાં આવે છે, તેથી તેમ કરવું યોગ્ય જણાય છે.

પ્રશ્ન—શ્રી ભગવતી સૂત્રના દશમા શતકના અગ્યારમા ઉદ્દેશામાં દેવતાઓના આયુષ્યની સ્થિતિના સ્થાન દશહજાર વર્ષથી આરંભીને સમય સમયની વૃદ્ધિએ તેત્રીશ સાગરોપમ પર્યંત કહ્યા છે. તે સર્વ સ્થાનકે દેવતાઓ લાભે કે નહીં?

ઉત્તર—સર્વ સ્થિતિ સ્થાનોએ દેવતાઓ વર્તે એવો નિયમ જાણ્યો નથી.

પ્રશ્ન—દિગંબર મતની ઉત્પત્તિના મૂળ સહસ્રમલના ગુરુનું નામ શું?

ઉત્તર—સહસ્રમલના ગુરુનું નામ કૃષ્ણાચાર્ય શ્રી આવશ્યકની વૃત્તિમાં તેના અધિકારમાં કહેલું છે.

પ્રશ્ન—શ્રી ઋષભદેવના સમવસરણમાં જો તે કાળમાં વર્તતા મનુષ્યો જેવડું શરીર કરીને દેવતાઓ આવે તો તારા મંડળની અંદર અંતરાળ ઓછું હોવાથી તેના શરીરને અનુસારે કરવા પડતા મોટા વિમાનોનો પ્રવેશ કેમ થઇ શકે?

ઉત્તર—નંદીશ્વરદ્વીપે વિમાનોનો સંકોચ કરીને તીર્છો જંબુદ્વીપમાં આવતા હોવાથી તારાના અંતરાળમાંથી તેમને નીકળવું પડતું નથી, તેથી આ શંકાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંઈ પણ કારણુજ નથી.

પ્રશ્ન—શ્રાવકે બાર વ્રત ઉચ્ચરતી વખતે કન્યાલીકાદિનો ત્યાગ કર્યે સતે પોતાની કન્યાના વિષયમાં કાંઇ જયણા હોય છે કે નહીં ?

ઉત્તર—હોય છે. दक्खिणाइ अविसए એવા શબ્દો તે વ્રતના ઉચ્ચારમાંજ સમાચારી વિગેરેમાં કહેલા છે.

પ્રશ્ન—દિવસે નિયમ ધારવામાં મૈથુનના અને દૂરગમનના પ્રયોજનનો અભાવ હોવાથી તેનો નિષેધ કર્યો હોય તો રાત્રે તેથી મોકળા થવાનું કલ્પે કે નહીં ?

ઉત્તર—કલ્પે, કારણકે તેણે નિયમ દિવસને માટેજ ધારેલ છે.

પ્રશ્ન—જ્યાં એક બાદર પર્યાપ્ત જીવ હોય ત્યાં તેની નિશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા જીવ હોય એમ કહ્યું છે. તેમાં આજ્ઞાજ પ્રમાણ છે કે કાંઈ યુક્તિ છે ?

ઉત્તર—આજ્ઞાજ પ્રમાણ છે. યુક્તિ જોવામાં આવતી નથી.

પ્રશ્ન—સંપૂર્ણ ધર્માસ્તિકાયને દ્રવ્ય કહીએ કે સ્કંધ કહીએ?

ઉત્તર—દ્રવ્ય કહીએ. કોઇ જગ્યાએ ઉપચારથી સ્કંધ પણ કહેવામાં આવે છે; પરંતુ તેમાં કાંઈ બાધક જણાતો નથી.

પ્રશ્ન— પરમાણુના વર્ણાદિનું પરાવર્તન થાય છે કે નહીં ?

ઉત્તર—થાય છે.

પ્રશ્ન—ગૌતમ સ્વામી ગોચરચર્યા માટે એકાકીજ જતા હતા કે બીજા મુનિને સાથે રાખતા હતા ?

ઉત્તર—પ્રાયે એકાકીજ જતા હતા, એવું ભગવતી વિગેરે સૂત્રોમાં વાંચવામાં આવ્યું છે, પરંતુ તેઓ આગમ વિહારી હોવાથી તેના ઉચિત અનુચિતનો વિચાર કરવા યોગ્ય નથી.

પ્રશ્ન— ગ્રૈવેયકાદિમાં જળજ નથી, તો ત્યાં રહેલા દેવતાઓ જિનપૂજા શી રીતે કરતા હશે?

ઉત્તર—ગ્રૈવેયકાદિમાં જળની જેમ વનસ્પતિ પણ હોતી નથી, પરંતુ ત્યાંના દેવતાઓને પ્રાયે ગમનાગમનાદિ પ્રયોજનો અભાવ હોવાથી તેમજ પૂજાના ઉપસ્કરનો પણ અભાવ હોવાથી દ્રવ્યથી જિનપૂજા કરવાનું સંભવતું નથી.

પ્રશ્ન—સૂક્ષ્મ બાદર નિગોદ પર્યાપ્તા અને અપર્યાપ્તા એક નિગોદમાં અનંતા જીવો હોય છે એમ કહ્યુંછે તો તેમાં નિગોદ શું ? અને જીવો કયા? તે વ્યક્ત રીતે કહેવા કૃપા કરશો.

ઉત્તર—નિગોદ શબ્દે કરીને એક શરીર વનસ્પતિ રૂપ સાધારણ અનંત જીવનું ઉપજાવેલું સમજવું. તેમાં અનંતા જીવો રહે છે. તેથીજ તે અનંતકાયિક જીવો સાધારણ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન બંધુઓને અગત્યની સૂચના.

ફાલ્ગુન શુદિ ૮ મે શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રી **ઋષભદેવ** ભગવંત પૂર્વ નવાણુવાર સમવસરેલા હોવાથી એ દિવસ એ તીર્થની યાત્રામાં શ્રેષ્ઠ ગણાય છે. ચાલતા વર્ષમાં એ તિથિ ઉપર તેમજ ફાગણ શુદિ ૧૩ ઉપર ઘણા યાત્રાળુઓ છ ગાઉની પ્રદક્ષિણાનો લાભ લેવા માટે આવેલા હતા. યાત્રાને પ્રસંગે ઉદાર દિલના શ્રાવક ભાઈઓ જિન ભક્તિ સારી રીતે દ્રવ્યભાવથી કરે છે. પોતાના દ્રવ્યનો તથા વખતનો એ તીર્થ ઉપર સારો ઉપયોગ કરે છે. આ પ્રસંગ ઉપર ' પુષ્પના હાર કેવા બનાવવા જોઈએ ' એ બાબત ચર્ચા ચાલતાં એક જૈનબંધુ તરફથી એમ કહેવામાં આવ્યું કે—

પુષ્પ ચાર પ્રકારે ચડાવવાં શાસ્ત્રમાં કહ્યાં છે, ૧ ગ્રંથીમ ૨ વેઢીમ ૩ પુરિમ ને ૪ સંઘાતિમ. દોરાવડે ગુંથવા તે ગ્રંથીમ, ફુલના ગોટાની જેમ બાંધવા તે વેઢીમ, પ્રભુની ઉપર છુટા ચડાવવા અથવા પગર ભરવા તે પુરિમ અને જેની નાળ પોલી હોય તેવા એક ફુલની પછવાડે બીજું નાળવાળું ફુલ પરોવીને પુષ્પમાળ બનાવવી તે સંઘાતિમ. આ પ્રમાણે શાસ્ત્રોક્ત હકીકત છતાં હાલ જે ફુલના હાર બનાવવામાં આવે છે, તે ગુલાબ ગુલદાઉદી કે જુઈ વિગેરેના ફુલને સોયવડે વીંધી દોરાવડે શીવી લઈને બનાવવામાં આવે છે; તે રીતિ બહુ વીપરીત છે, વળી પુષ્પની વિરાધના કરવાવાળી છે, શ્રી **શ્રાદ્ધવિધિ** તથા **આચારોપદેશ** વિગેરે ગ્રંથોમાં જે પ્રકારનાં પુષ્પો ચડાવવા કહ્યાં છે તે પ્રમાણે વિચારતાં પણ આ રીતિ ગેરવ્યાજબી જણાય છે. શ્રી **આચારોપદેશ** ગ્રંથમાં કહ્યું છે કે—

> नैकं पुष्पं द्विधा कुर्यान्न छिद्यात् कलिकामपि ।
> पत्र कुसुमादिभेदेन हत्यावत् पातकं भवेत् ॥१॥

" એક પુષ્પના બે કકડા ન કરવા, તેની કળી પણ ન છેદવી, પત્ર તે ફુલ વગેરું કરવાથી હત્યાની જેવું પાપ લાગે છે. "

જ્યારે આ પ્રમાણે તેની જતના કરવાની છે, તેને કિંચિત્‌પણ કિલામણા ઉપજાવવાની નથી; ત્યારે આરપાર વીંધીને તેના હાર કરવાથી હત્યાવત્ પાતક કેમ ન લાગે ? વળી આ બાબત **સમકિતશલ્યોદ્ધાર** ગ્રંથમાં એને લગતા પ્રસંગમાં કહ્યું છે કે ' પુષ્પપૂજા પુષ્પની વિરાધના માટે નથી, પણ તેને બીજા ઉપઘાતમાંથી બચાવવાને લીધે દયાને માટે છે, ઇત્યાદિ કારણોથી ફુલ વીંધીને હાર બનાવવા યોગ્ય નથી. વળી એ પ્રચાર પણ આધુનિક છે. સુમારે દશ પંદર વર્ષ અગાઉ તો સિદ્ધાચળજી ઉપર પાટીઆવાળા હાર ફુલને ગુંથીને બનાવવામાં આવતા હતા; પણ તેમાં વખત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારે લાગતો હતો તે કરતાં બહુ થોડા વખતમાં શીવેલા હાર બનવાથી માળી લોકોએ તેવા હાર કરવાનું ચલાવ્યું. વળી સડેલાં, કરડેલાં, પાંખડીઓ ખરેલાં, મેલાં-ઘેલાં હોય તેવાં પુલ-ઢાંકીને કરેલા હારમાં ચાલવા લાગ્યાં, એટલે તેઓને તો બહુ અનુકૂળતા થઈ; પણ આપણે તો તેથી જે પુલ ચડાવવા યોગ્ય નહિ તેવાં પુલ ચડાવવાના દૂષણમાં આવીએ છીએ એ વાત મુગ્ધ બુદ્ધિવાળા જૈનબંધુઓએ લક્ષપર લીધી નહીં. જો છુટાં પુલ લઈએ છીએ તો આપણે કેવા તપાસીએ છીએ તે સૌ જાણે છે. હારમાં તેવું બીલકુલ જોવામાં આવતું નથી એ પણ સ્પષ્ટ છે. માળી લોકો પણ છુટાં ફુલ વેચતાં બદલામાં રહેલાં તમામ ફુલનો હારમાં ઉપયોગ કરે છે, એ શંકા વિનાની વાત છે. માટે સંઘ તરફથી ઠરાવ કરવો જોઈએ કે "માળીઓ એવા હાર બનાવે નહીં, અને બનાવે તો કોઈપણ જૈનબંધુ એવા હાર લે નહિ, તેમજ એવા હાર કોઈ લાવે તો આપણા નોકરો (ગોઠીઓ) તે ચડાવવા આપે નહિ." આ પ્રમાણેના મજબુત ઠરાવ શિવાય માળી લોકો એવા હાર બનાવતાં અટકશે નહીં અને એ પ્રાયશ્ચિત્તકારક રિવાજ બંધ પણ થશે નહીં.

ઉત્તરમાં બીજા પક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવી કે આ વાત વ્યાજબી છે, પણ આ તીર્થ મોટું છે તેથી તેમજ બિંબ મોટા હોવાથી એવા મોટા હાર એકદમ બની શકે નહીં.

ઉપરની દલીલના ઉત્તરમાં કહેવામાં આવ્યું કે આ દલીલ એટલી બધી નબળી છે કે એવા કારણથી શાસ્ત્રવિરૂદ્ધ તેમજ વ્યવહાર વિરૂદ્ધ પ્રવૃત્તિ રાખવી એ યોગ્ય કહેવાય નહીં. મોટા બિંબને માટે મોટા હાર પણ સહેલાઈથી બની શકે છે; તેમજ હાર ગુંથવા એ તો માળીનો હુન્નર હોવાથી જ્યારે તેને માથે ગુંથવાની ફરજ પડશે ત્યારે ઘણા સુંદર હારો ગુંથીને બનાવશે, જેનો અનુભવ હાલમાં પણ થઈ શકેલો છે; અને દેશ પ્રદેશ આ વિષય ચર્ચાવાથી દેખાદેખીવડે બહારગામ પણ જ્યાં જ્યાં એવા હાર કરવાનો રિવાજ શરૂ થયો હશે ત્યાં પણ બંધ થઈ જશે.

ઉપર જણાવેલી હકીકતને પરિણામે શીવીને બનાવેલા હાર ચડાવવાનું શાસ્ત્રવિરૂદ્ધ તેમજ વિપરીત જણાવાથી યાત્રાર્થે આવેલા યાત્રાળુઓના બહોળા ભાગના વિચારથી તેમજ ત્યાં બિરાજતા મુનિમહારાજાઓની સંમતિથી એવો નિર્ણય કરવામાં આવ્યો કે માળીઓને એવા હાર બનાવતાં બંધ કરવા. આવા નિર્ણયને પરિણામે શેઠ આણંદજી કલ્યાણજીના મુનિમ સાહેબે માળીઓને તેવા પ્રકારનો હુકમ જાહેર કરી શીવેલા હાર બનાવવાનું બંધ કરાવેલું છે.

હવે સિદ્ધાચળ યાત્રાર્થે પધારેલા સર્વ દેશના જૈન બંધુઓ પ્રત્યે વિનંતી કરવાની કે ઉપરની હકીકત ધ્યાનમાં લઈ લાભ લેવા જતાં ટોટો ન થઈ જાય તેનો ભય રાખીને પરમાત્માની વિધિયુક્ત ભક્તિ કરવા માટે ઉપર જણાવેલા ઠરાવને અનુસરવાનું ધ્યાનમાં રાખવું. કોઈપણ પ્રકારનો દુરાગ્રહ ધરાવી શાસ્ત્ર વિરૂદ્ધ પ્રવૃ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્તિ પાછી શરૂ કરાવવાના આગેવાન થઇ વનસ્પતિકાય જીવોની નિષ્કારણ હિંસા વિરાધના અને પરિતાપ ઉત્પન્ન કરવાના કારણિક થવું નહિ. કારણ કે એમ થવાથી પાપની શ્રેણિ પાછળ ચાલી આવશે. વળી આ પ્રમાણે કરવાથી કોઈ પણ પ્રકારે ભક્તિમાં ખામી આવે તેવું નથી. જેવી ધારશો તેવી ભક્તિ સુખે કરી શકશો ને પરમ લાભ મેળવશો. તથાસ્તુ !

સંવત ૧૯૬૫ ફાલ્ગુન. એક યાત્રાળુ.

# વર્તમાન સમાચાર.

## અંતરિક્ષજીમાં થયેલ તકરાર.

શ્રી મુંબઇથી **પન્યાસજી શ્રી આનંદસાગરજી** ઝવેરી અભેચંદ સરૂપચંદે કાઢેલા શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથજીની યાત્રાનિમિત્તે જનારા છરી પાળતા સંઘમાં પધાર્યા હતા. તે સંઘ ગયા ફાલ્ગુન શુદિ **૧** મે ત્યાં પહોંચ્યો હતો. સંઘમાં સાથે દર્શન પૂજા નિમિત્તે એક ધાતુનો ચોવીશવટ્ટો ને એક સિદ્ધચક્ર રાખેલા હતા. સંઘ શીરપુરમાં ચાર પાંચ દિવસ રહેવાનો હતો. કારણ કે તે ગામમાંજ અંતરિક્ષજીનું તીર્થ છે. સંઘ ત્યાં રહે તેટલા વખતને માટે ચોવીશવટ્ટો ને સિદ્ધચક્ર દેરાસરજીમાં પધરાવવાના ઈરાદાથી ત્યાં લઈ જતાં પ્રથમથી કરી રાખેલ સંકેત અનુસાર દિગંબરી ભાઈઓએ અટકાયત કરી. તે અટકાયત બીનહકે અને બીનકાયદે હોવાથી આપણા શ્વેતાંબરી ભાઇઓએ તેની અટકાયત નહીં ધ્યાનમાં લઈને પ્રતિમાજીવાળો ડાબડો અંદર લઇ જવા આગ્રહ કર્યો. તેને પરિણામે દિગંબરીભાઈઓએ હુજત કરી ડાબડો ફેંકી દીધો. આથી આપણા ભાઇઓનું મન બહુજ દુખાણું. દિગંબરી ભાઈઓ તો વધારે જોસમાં રહ્યા. તેને પરિણામે તકરાર વધતાં કેટલાક બેવકુફોએ મહારાજશ્રી ઉપર પણ ધક્કા મુક્કી કરી, આ બાબતમાં પોલીસ વચ્ચે પડી; અને દિગંબરીઓએ ફર્યાદ કરવામાં પહેલ કરવાથી તેના કહેવા પ્રમાણે આપણા ભાઈઓ, મુનિરાજ તથા ભૈયાઓને તહોમતદાર ઠરાવી કેસ બનાવ્યો. એ કેસ હાલમાં બાશીમખાતે ત્યાંના માજીસ્ટ્રેટ પાસે ચાલે છે. આપણા તરફથી તેમજ સામીબાજુ તરફથી વકીલો ને બારીસ્ટરોને રોકવામાં આવ્યા છે. આપણી તરફથી પણ ફર્યાદ માંડવામાં આવી છે. હાલમાં તે કેસ રજુઆતપર હોવાથી તે સંબંધી વધારે લખવાની આવશ્યકતા નથી. પરંતુ અપણા પ્રાચીન અને પ્રભાવિક તીર્થમાં દર્શન પૂજા કરવા માટે આવવા દેતાં માલીક થઈ પડવા જેવો ડોળ કરવો અને આપણનેજ અંદર જતાં અટકાવવા તેમજ ફોજદારી કેસ ઉભો કરી તેમાં મુનિમહારાજાઓને પણ જોડી દેવા—આ બધું દિગંબરી ભાઇઓએ તદન અણછાજતું કર્યું છે. કેસનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિણામ જેમ તે આવે, પરંતુ આવી અનીતિનો કાળો ડાઘ તો કદિપણ ભુંસાવાનો નથી.

મુંબઇ સમાચાર તથા સાંજ વર્તમાનમાં આ કેસની હકીકત આવે છે. પરંતુ તેમાં પ્રથમ આવેલી હકીકત સંક્ષિપ્ત લખેલી હોવાથી દિગંબરી ભાઇઓએ કેસનું રૂપ કેવું ભયંકર કરી મુક્યું છે તે બરાબર ધ્યાનમાં આવે તેવું નથી. ચાલેલા કેસની પૂરતી હકીકત તપાસતાં ફર્યાદપક્ષના સાક્ષીઓએ કેસનું રૂપ મુનિરાજાઓના સંબંધમાં પણ ભારે પડતું કરી મુક્યું છે. આ સાક્ષીઓ ક્રાસમાં કેવા ટકી શકે છે તે જોવાનું છે; પરંતુ આમાં મોટા ખર્ચમાં ઉતરવાનું થયું છે તેને માટે મુંબઇમાં ટીપ થઇ છે, અમદાવાદમાં ચાલુ છે, ભાવનગરથી પણ એક હજાર રૂપીઆ મોકલવામાં આવ્યા છે, બીજા શહેરોના ગૃહસ્થોએ ધ્યાન આપવાની અને મદદ મોકલવાની આવશ્યકતા છે. ઘણા ગૃહસ્થો ત્યાં જાતે પણ જઇ ચુકયા છે. મુનિરાજને તથા શ્રાવકભાઇઓને અણધારી ઉપાધિ આવી પડી છે. પરંતુ પરિણામે સત્યનો જયજ છે. આ કેસ સંબંધી વિશેષ હકીકત હવે પછી આપવામાં આવશે.

---

## મુનિરાજ શ્રી કાંતિવિજયજીનો સ્વર્ગવાસ.

ગૃહસ્થપણે ઘોઘારીના નિવાસી અને સંવત ૧૯૫૮માં રાજનગરમાં જેમણે ચારિત્ર ગ્રહણ કર્યું હતું તેવા આત્માર્થી અને અભ્યાસમાં તેમજ વૈયાવચ્ચાદિમાં તત્પર મુનિરાજશ્રીમણિવિજયજી મહારાજના શિષ્યમુનિરાજ શ્રી કાંતિવિજયજી સુમારે ચાર મહિનાથી લાગુ પડેલ ક્ષયના વ્યાધિથી શહેર ભાવનગરમાં ફાગણ શુદિ ૫ની સાંજના પૂર્ણ સમાધિમાં વર્તતાં અને નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં કાળધર્મ પામ્યા છે. ઉમ્મર સુમારે વર્ષ ૩૦ લગભગની છતાં અને દીક્ષાપર્યાય પણ ૭ વર્ષનોજ છતાં તેઓ ચારિત્રધર્મમાં બહુજ સાવધાન હતા. અનેક પ્રકારના ઉપચારો કર્યા છતાં તેમના લઘુ વયમાં કાળધર્મ પામવાથી ભાવનગરના સંઘને અત્યંત ખેદ થયો છે. તેમના દેહને સંસ્કાર કરવાના સંબંધમાં શ્રી સંઘે યથોચિત ભક્તિ કરી છે.

એ પ્રસંગે એક ટીપ કરીને ફાલ્ગુન શુદિ ૮થી અઠ્ઠાઇ મહોત્સવ શરૂ કર્યો હતો. આઠે દિવસ જુદી જુદી પૂજાઓ ભણાવવામાં આવી હતી. મેરૂપર્વતની પ્રથમની રચનામાં ચુળિકા ઉપર પ્રભુ પધરાવવામાં આવ્યા હતા, તેમજ તેની બાજુમાં શ્રી પાવાપુરીની નવી રચના કરવામાં આવી હતી. તે મુનિરાજના સંસારી ભાઇ ધનજીએ માંદગીના વખતમાં અખંડ હાજરી આપીને બહુ સારી રીતે ભક્તિ કરી છે. આવા દૃઢ વિચારવાળા મુનિરાજ ક્વચિતજ દૃષ્ટિએ પડે છે. એમની રહેણીકહેણી એક સરખી હોવાથી તેમનું ચરિત્ર ખરેખર અનુકરણીય છે.

For Private And Personal Use Only